Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય-પરિચય.


૧ અભિલાષા. ... ... ... ...વિનયકાંત કાંતિલાલ મહેતા. ૪૯
૨ પૂર્ણાહુતિ. ... ... ... ... „ „ „ ... ૫૦
૩ શ્રી તીર્થંકરચરિત્ર. ... ... ...મુનિ દર્શનવિજયજી મહારાજ. ૫૧
૪ સત્સંગ-સંત સમાગમ કેમ કરતો નથી ? ...સદ્ગ૦ શ્રી કર્પૂરવિજયજી મ૦ ૫૪
૫ પરમસુખ પ્રાપ્તિરૂપ ચિત્તશુદ્ધિનું ફળ-
કઇ રીતે સાંપડે ?... ... ... ... „ „ „ ... ૫૬
૬ પૂજનની સફળતા... ... ... ...રા. ચોકશી. ... ... ૫૮
૭ અમારી પૂર્વ દેશની યાત્રા... ... ...મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ. ૫૯
૮ દ્રવ્યગુણ પર્યાય વિવરણ. ... ... ...શંકરલાલ ડાહ્યાભાઇ કાપડીયા. ૬૨
૯ મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ. ... ...વિઠ્ઠલદાસ મૂલચંદ શાહ. ... ૬૫
૧૦ સમયના પ્રવાહમાં. ... ... ... ... ... ... ૭૦
૧૧ સ્વીકાર અને સમાલોચના. ... ... ... ... ... ૭૧
૧૨ સુધારો. ... ... ... ... ... ... ... ... ૭૨


---


## કલકત્તાવાળાના વિવિધ રંગોથી મનોહર ફોટાઓ.

| નામ. | કીંમત. | નામ. | કીંમત. |
|---|---|---|---|
| શ્રી નેમનાથસ્વામીના લગ્નનો વરઘોડો. | ૦-૧૨-૦ | શ્રી જીનદત્તસૂરિજી ( દાદા સાહેબ ) | ૦-૬-૦ |
| શ્રી મહાવીરસ્વામીનું સમવસરણ તથા શ્રેણિક રાજાની સ્વારી. | ૦-૧૨-૦ | છ લેશ્યા. | ૦-૬-૦ |
| | | મધુબિંદુ. | ૦-૬-૦ |
| શ્રી કેસરિયાજી મહારાજ. | ૦-૮-૦ | શ્રી પાવાપુરીનું જલમંદિર. | ૦-૪-૦ |
| શ્રી ચંદ્રગુપ્તના સોળ સ્વપ્ન. | ૦-૮-૦ | ચિત્રશાળા પ્રેસ પુનાવાળાના ફોટાઓ. | |
| શ્રી ત્રિશલા માતાના ચૌદ સ્વપ્ન. | ૦-૮-૦ | શ્રી મહાવીરસ્વામી. | ૦-૮-૦ |
| શ્રી સમ્મેતશિખરજી સિદ્ધક્ષેત્ર. | ૦-૮-૦ | સમ્મેતશિખર તીર્થ ચિત્રાવળી સોનેરી બાઇન્ડીંગ સાથે. | ૨-૮-૦ |
| શ્રી રાજગિરિ સિદ્ધક્ષેત્ર. | ૦-૬-૦ | | |
| શ્રી પાવાપુરીજી સિદ્ધક્ષેત્ર. | ૦-૬-૦ | જંબુદ્વીપનો નકશો રંગીન. | ૦-૬-૦ |
| શ્રી ગિરનારજી સિદ્ધક્ષેત્ર. | ૦-૬-૦ | નવતત્ત્વના ૧૧૫ ભેદનો નકશો. રંગીન | ૦-૨-૦ |

### નવાં તૈયાર થયેલ.

| | |
|---|---|
| શ્રી ગૌતમસ્વામી. | ૦-૮-૦ |
| શ્રી પાવાપુરી જલમંદિર. | ૦-૮-૦ |
| શ્રી સમેત્તશિખરજી. | ૦-૮-૦ |

મળવાનું સ્થળ, **શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**


---

ભાવનગર—આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્ત્રી ઉપયોગી વાંચનમાળાની યોજના. 420

## અમારૂં સીરીઝ ગ્રંથમાળા ખાતું.

એક હજાર કે તેથી વિશેષ રકમ આપનાર જૈન બંધુઓ કે બ્હેનોના નામે ઉત્તરોત્તર અનેક ગ્રંથો પ્રકટ કરી જ્ઞાનોદ્ધાર યાને જ્ઞાનભક્તિનું કાર્ય, સભા, ( સાથે તે રકમ આપનાર પણ અનેક બંધુઓ તેનો લાભ લઇ ) કરી રહેલ છે. સાથે અનેક સાહિત્ય ગ્રંથો પણ સભા પ્રગટ કરી રહેલ છે. આ સભાના લાઇફ મેમ્બરોને પણ વિશેષ વિશેષ અનેક સુંદર મ્હોટા ગ્રંથોનો ( કંઇપણ બદલો લીધા વગર ) લાભ મળી રહેલ છે, તે રીતે કોઇપણ સંસ્થા કરી શકેલ નથી જે સાહિત્યરસિક સર્વ બંધુઓ જાણે છે.

અત્યાર સુધી અનેક જૈન બંધુઓએ તેવી રકમ સભાને સુપ્રત કરી પોતાના નામથી ગ્રંથમાલા પ્રકટ કરાવી જ્ઞાનભક્તિ કરી રહેલ છે, તેનું શુભ અનુકરણ કરી હાલમાં **શ્રીમતી કસ્તુર બ્હેને** પણ એક રકમ તે માટે ( સ્ત્રી ઉપયોગી સીરીઝ પ્રગટ કરવા ) આ સભાને સુપ્રત કરેલ છે; તેમાંથી ઉત્તરોત્તર સ્ત્રી ઉપયોગી (સતી ચરિત્રો, સ્ત્રી ઉપયોગી વિષયોના ) ગ્રંથો પ્રકટ કરવાનું આ સભાએ શરૂ કરેલ છે. તેઓ બ્હેનની પ્રથમ ગ્રંથ સીરીઝ તરીકે **"સતી સુરસુંદરી ચરિત્ર"** ( જે કે પ્રસિદ્ધ લેખક સુશીલ પાસે લખાવી તૈયાર કરેલ) છપાવવો શરૂ કરેલ છે. ચરિત્ર ઘણું જ રસિક અને બોધદાયક છે. તેવી રીતે અન્ય બ્હેનોએ પણ જ્ઞાનની ભક્તિ અને ઉદ્ધાર કરી લાભ લેવાનો છે. સીરીઝના ધારા ધોરણ આ નીચે તથા આ અંકના પાછળના ભાગમાં સૂચિપત્ર સાથે છેલ્લે પાને છે. આ લાભ દરેક જૈન બંધુઓ અને બ્હેનોએ લેવા જેવો છે.

સ્વર્ગવાસી આપ્તજનોના સ્મરણાર્થે ને ભક્તિ સાથે જ્ઞાનની સેવા કરવાનું ને સ્મરણ સાચવવાનું પણ આ અમૂલ્ય સાધન છે. અમરનામ કરવાનું પણ સાધન છે.

કોઇ પણ સ્થળે પૂરતી ખાત્રી કર્યા સિવાય લખાણ કે બીજાથી લલચાઇને રકમ આપતાં પહેલાં અવશ્ય વિચારવાનું છે.

---

# શું તમારૂં નામ અમર કરવું છે ?

## ગ્રંથમાળાની યોજના.

આ જગતમાં જન્મ ને મરણ પ્રત્યેક પ્રાણીને માટે સર્જાયેલ છે. જ્યારે મનુષ્યોને પરમાત્માએ જ્ઞાન અને બુદ્ધિ આપેલ હોવાથી તે પોતાના માટે અનેરો માર્ગ શોધી કાઢે છે. જેથી તમારે આ જીવનમાં તમારૂં નામ અમર રાખવું હોય, જ્ઞાનભક્તિ કરવી હોય, જૈન સાહિત્ય સેવા કરી જ્ઞાન ઉપાર્જન કરવું હોય તો નીચેની યોજના વાંચી, વિચારી આજે જ આપ નિર્ણય કરો અને આપના નામની ગ્રંથમાલા પ્રસિદ્ધ કરાવી તે અમૂલ્ય લાભ મેળવો.

### યોજના.

જે ગૃહસ્થ ઓછામાં ઓછા રૂ ૧૦૦૦) એક હજાર આ સભાને આપે તેમના નામથી ગ્રંથમાળા ( સીરીઝ ) ( ગ્રંથો ) આ સભાએ દરેક વખતે નીચેની શરતે પ્રકટ કરવા.

૨ સીરીઝનો પ્રથમ ગ્રંથ છપાવવાને માટે વધારેમાં વધારે રૂા. ૧૦૦૦) સુધી સભાએ ખરચવા.

૪ જાહેર લાઇબ્રેરી કે ભંડાર તેમજ સાધુ સાધ્વી મહારાજ વગેરેને આ સીરીઝના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અમુક સંખ્યાંના ગ્રંથો સભાના નિયમ મુજબ જે જે ભેટ અપાય તે તે 'સીરીઝવાલાની વતી સભા મારફત ભેટ' એવી ચીઠ્ઠી છપાવી પુસ્તક ઉપર ચોડી ભેટ મોકલવામાં આવશે.

૭ તે સીરીઝની છપાતી દરેક બુકની પચીશ કોપી (વારંવાર) જે ગૃહસ્થના તરફથી આ ગ્રંથ માળા સીરીઝ છપાય ( સીરીઝ માટે રકમ આપનારને ) ભેટ આપવામાં આવશે.

૮ તે સીરીઝના પ્રથમ અડધા ગ્રંથો ખપી ગયા હોય તે સમયે ઉપજેલી તે રકમના પ્રમાણમાં તે ગૃહસ્થના નામથી બીજો ગ્રંથ ( સીરીઝનો ) સભાએ છપાવવો શરૂ કરવો; એજ ક્રમ સાચવી સીરીઝના બીજા ગ્રંથો સભાએ નિરંતર છપાવવા.

૧૦ ગ્રંથમાળાના પ્રથમના એક જ ગ્રંથમાં સીરીઝવાળા ગૃહસ્થનું ટુંકું જીવનચરિત્ર, ફોટોગ્રાફ અને અર્પણપત્રિકા તેમની ઇચ્છાનુસાર ( એકજવાર ) આપવામાં આવશે.

નીચે પ્રમાણેના મહાશયોના ( તરફથી તે રકમ આવી ગયેલ હોવાથી તેમના ) નામથી ગ્રંથમાળાઓ પ્રકટ થઇ ચૂકી છે અને થશે.

૧ શેઠ આણંદજી પુરૂષોત્તમદાસ.
૨ વોરા હઠીસંગ ઝવેરચંદ.
૩ શ્રીમાન્ સુખસાગરજી મહારાજ.
૪ શ્રીમાન્ આચાર્યશ્રી બુદ્ધિસાગરજી મહારાજ.
૫ વકીલ હરીચંદ નથુભાઇ
૬ શ્રી આત્મવલ્લભ ગ્રંથમાળા.
૭ શેઠ નાગરદાસભાઇ પુરૂષોત્તમદાસ, રાણપુર.
૮ શેઠ ઝવેરભાઇ ભાઇચંદ.
૯ શાહ મગનલાલ ઓધવજી.
૧૦ શેઠ અમરચંદ હરજીવનદાસ.
૧૧ શેઠ દીપચંદ ગાંડાભાઇ.
૧૨ શ્રીમતી કસ્તુર બ્હેન.
૧૩ સલોત જગજીવનદાસ ફૂલચંદ.

ઉપરના મહાશયોએ પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કર્યો છે. આપ પણ વિચારીને તે જ્ઞાનભક્તિના કાર્ય માટેપ્રયત્નશીલ થઇ સાહિત્યના ક્ષેત્રમાં આપનું નામ અમર કરશો તેમ ઇચ્છીએ છીએ.

લખોઃ—**શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**

## લાઇફ મેમ્બર.

કોઇપણ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન આ સભામાં સભાસદ તરીકે દાખલ થઇ શકે છે.

એક સાથે રૂા ૫૦૦) આપનાર ગૃહસ્થ આ સભાના પેટ્રન (માનવંતા મુરબ્બી) થઇ શકશે.

એક સાથે રૂા ૧૦૦) આપનાર પહેલા વર્ગના લાઇફ મેમ્બર થઇ શકશે.

એક સાથે રૂા ૫૦) આપનાર બીજા વર્ગના લાઇફ મેમ્બર થઇ શકશે.

જૈન લાઇબ્રેરી, શાળા કે સંસ્થા મેમ્બર તરીકે રજીસ્ટર્ડ થવા માગે તો રૂા ૫૦) ભરવાથી બીજા વર્ગના લાઇફ મેમ્બરોના હક્કો ભોગવી શકશે.

પહેલા વર્ગના લાઇફ મેમ્બરોને સભા તરફથી પ્રગટ થતા પુસ્તકની એક એક નકલ તથા આત્માનંદ પ્રકાશ માસિક તેમની જીંદગી સુધી ભેટ આપવામાં આવશે.

બીજા વર્ગના લાઇફ મેમ્બરોને સભા તરફથી પ્રકાશિત થતા બે રૂપીઆની કિંમત સુધીના દરેક ગ્રંથની એક એક નકલ ભેટ આપવામાં આવશે, તેમજ આત્માનંદ પ્રકાશ માસિક પણ તેમની જીંદગી સુધી ભેટ મળશે.

ગુજરાતી ભાષાના ( સીરીઝ સિવાયના ) પ્રકટ થતો કોઇ પણ ગ્રંથ મુદ્દલ કિંમતે ( સાહિત્ય પ્રચારના શુભ હેતુથી ) વેચાણ આપવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वन्दे वीरम् ॥

बाह्यविषयव्यामोहमपहाय रत्नत्रयसर्वस्वभूते आत्मज्ञाने प्रयतितव्यम्, यदाहुर्बाह्या अपि—" आत्मा रे श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्य " इति । आत्मज्ञानं च नात्मनः कर्मभूतस्य पृथक् किञ्चित्, अपि त्वात्मनश्चिद्रूपस्य स्वसंवेदनमेव मृग्यते, नातोऽन्यदात्मज्ञानं नाम, एवं दर्शनचारित्रे अपि नात्मनो भिन्ने । एवं च चिद्रूपोऽयं ज्ञानाद्याख्याभिरभिधीयते । ननु विषयान्तरव्युदासेन किमित्यात्मज्ञानमेव मृग्यते ? विषयान्तरज्ञानमेवह्यज्ञानरूपं दुःखं छिन्द्यात् । नैवम्, सर्वविषयेभ्य आत्मन एव प्रधानत्वात्, तस्यैव कर्मनिबन्धनशरीरपरिग्रहे दुःखितत्वात्, कर्मक्षये च सिद्धस्वरूपत्वात् ॥

योगशास्त्र स्वोपज्ञविवरण–श्री हेमचन्द्रसूरि.

पुस्तक ३० } वीर सं. २४५८. आश्विन. आत्म सं. ३७. { अंक ३ जो.

## અભિલાષા.

નમાવ્યા છે ઉચ્ચતર ગુણોથી દેવાધિદેવોને જેણે,
વારાંગનાઓએ ચળાવ્યા છતાં પણ ન ડગ્યા તે,
વપુ અનેક ઉપસર્ગોથી પીડાયું હતું જેનું,
રગે રગમાંથી દૂર કરાવ્યો ચંડકૌશિકનો ક્રોધ જેણે,
એવા નીજથકી તાર્યા છે અનેક આત્માઓ જેણે,
સૌ જીવો પ્રત્યે સમભાવના રાખી હતી જેણે,
સુરેંદ્રના સંદેહનો અંગુઠાના સ્પર્શથી નાશ કર્યો જેણે,
ખોપી નાખી સ્વતેજથી બેડીઓ ચંદનબાળાની જેણે,
હોજો ! શતાવધિ મારી વંદના એવા પ્રભુ શ્રી વીરને !
" નવા વરસે સૌ સુખી હો ! "

વિનયકાંત કે. મહેતા—અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પૂર્ણાહુતિ

પ્રતિદિન સૂર્ય ઉદય પામે છે ને અંતે અસ્ત પામે છે, તેજનો વિકસતો પુંજ સૂર્ય પણ છેવટે અંધકારને સ્થાન આપે છે.

મનુષ્યનું જીવન શું એવું નથી ? માણસ સુખી થાય છે, ઉત્તરોત્તર તેનું સુખ વધતું જાય છે; પણ છેવટે સુખ લય પામે છે અને વિષાદને સ્થાન મળે છે. નહિ સુખ કે નહિ દુ:ખ અનંત છે.

સરિતા હજારો પત્થરો, ખાડા, ટેકરાઓ વટાવી વહે જાય છે. પોતાના પંથમાં આવતા પત્થર કે ટેકરાથી ડરી જઇ તે પાછી નથી હઠતી, પણ येन केन प्रकारेण પોતાનો રસ્તો શોધી કાઢે છે.

તેવી જ રીતે માનવોએ સન્માર્ગને અવલંબતા આવી પડતાં દુ:ખો જોઇ ડરવું ન જોઇએ, પણ શાંતિથી તે દુ:ખોની સામે થઇ સત્ય પંથે ચાલ્યા જવું જોઇએ.

હજારો સરિતાઓ પોતામાં સમાય છે છતાં સાગર ઉભરાતો નથી તેમજ સૂર્યના અગ્નિઝરતા પ્રચંડ તાપથી તે સૂકાતો પણ નથી.

મનુષ્યે પણ સુખના અથવા પુણ્યપ્રભાવે વૃદ્ધિ પામતા સુખથી ફુલાઈ જઇ નીતિપંથ વિસારવો ન જોઇએ તેમજ આવી પડતી અનેક વિપત્તિઓથી ન તો હતાશ થવું જોઇએ કે ન તો સ્વધર્મને દુષિત ગણવો જોઇએ.

આવી રીતે સરિતા, સૂર્ય ને સાગર વગેરે દ્વારા કુદરત મનુષ્યને કેટલા બોધપાઠ શીખવે છે ? કુદરતના કાર્યમાં ને માનુષિક જીવન પ્રવૃત્તિમાં કેટલું સામ્ય ! કુદરત પોતાના કાર્યમાં જ કાર્યની પૂર્ણાહુતિ કરે છે જ્યારે જ્ઞાન-વિભૂષિત પણ ઘેલો માનવ સંજોગોનો ગુલામ થઇ પોતાના કાર્યની પૂર્ણાહુતિ નથી કરી શકતો.

નિશ્ચયી અને કોઇ પણ સંજોગોમાં ન્યાયપંથને ન વિસરનાર કોઇ વિરલા જ હોય છે.

**વિનયકાંત કાંતિલાલ મહેતા**
**અમદાવાદ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અગિઆર અંગમાં નિરૂપણ કરેલ
# શ્રીતીર્થંકરચરિત્ર.

## શ્રી જ્ઞાતાસૂત્ર

( ગતાંક પૃષ્ઠ ૩૩ થી શરૂ )

તે કાલે તે સમયે અધોલોકવાસીની આઠ **દિક્કુમારી** મહત્તરિકાઓ જેમ **જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં** જન્મોત્સવ-વર્ણન છે તેમ અહીં બધું સમજવું, તફાવત એટલો જ કે " મિથિલામાં કુંભરાજની રાણી પ્રભાવતી " એ પાઠ જોડવો. યાવત્---**નંદીશ્વર**વર દ્વીપમાં મહિમા કરે છે.

ત્યારે કુંભરાજા ઘણા ભુવનપતિ ૪ વિગેરેએ તીર્થંકર૦ યાવત્....કર્મ, યાવત્....નામકરણં. જ્યારે અમોએ આ બાલિકાથી માતાને માલા-શય્યાનો દોહદ પૂર્યો છે, તો આ બાલિકાનું નામ **મલ્લિ** હો૦ જેમ મહાબલનામ, યાવત્....વધે છે.

તે દેવલોકથી ચ્યવેલી અનુપમ શોભાવાલી દાસ-દાસીથી વીંટાયેલી અને પીઠમર્દોથી વીંટાએલી **ભગવતી** વધતી હતી. ( મોટી થતી હતી ) ( ૧ ) જે કાળા કેશવાળી, સુંદર નેત્રવાળી, બિંબ સમાન હોઠવાળી, સફેદ દાંતની પંક્તિવાળી, શ્રેષ્ઠ કમલ સમાન કોમલ દેહવાળી તથા પુલ-ઉત્પલના ગંધ જેવા શ્વાસોશ્વાસવાળી હતી ( ૨ ) ( સૂત્ર-૬૬ )

ત્યારે તે વિદેહની શ્રેષ્ઠ રાજકુમારી **મલ્લિ**કુમારી બાલ્યભાવ ચાલ્યા જતા, યાવત્....યૌવનથી અને લાવણ્યથી ઉત્કૃષ્ટ તથા ઉત્કૃષ્ટ શરીરવાળી બની હતી. ત્યારબાદ તે મલ્લિકુમારી કાંઇક ન્યૂન સો વર્ષની થઇ ત્યારે છએ રાજાઓને વિશાળ અવધિથી દેખતી દેખતી વિચરે છે. તે આ પ્રમાણે-પ્રતિબુદ્ધિને, યાવત્....પંચાલાધિપતિ જિતશત્રુને. ત્યારબાદ તે મલ્લિકુમારી કુટુંબિક પુરૂષોને૦ હે દેવાનુપ્રિયો ! તમો અશોકવનમાં એક મહાન્ મોહનઘર ( રતિઘર ) બનાવો, જેમાં અનેક-સેંકડો થાંભલા હોય. તે મોહનઘરના ઠીક મધ્યમાં છ ગર્ભગૃહ ( વાસભવન ) બનાવો. તે ગર્ભગૃહોના ઠીક મધ્યભાગમાં જાળીઘર બનાવો. તે જાળીઘરના૦ બરાબર મધ્યમાં મણિપીઠ કરો. કરીને યાવત્....આજ્ઞા પાછી આપે છે. ( તે પ્રમાણે કર્યું એમ જણાવે છે ) ત્યારબાદ મલ્લિકુમારી મણિપીઠપર પોતાની સમાન કાંતિવાળી, સમાન ત્વચાવાળી તથા સમાન વયવાળી સમાન લાવણ્ય-યૌવન-ગુણવાળી સોનાની માથે છિદ્રવાળી તથા પદ્મ-ઉપલથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઢંકાએલી ( પોતાની ) **પ્રતિમા** બનાવે છે. તે બનાવીને, પોતે જે અશન વિગેરે ખાદ્ય પદાર્થો ખાય છે તે મનોજ્ઞ ખાદ્યોમાંથી હમેશાં એકેક પીંડ લઇને તે માથે છિદ્રવાળી યાવત્...સ્વર્ણ પ્રતિમાના માથામાં મૂકે છે ( નાખે છે ) અને વિચરે છે. ત્યારે તે સોનાની યાવત્...માથે છેદવાળી પ્રતિમામાં એક એક પિંડ નાખતાં એવી દુર્ગંધ ઉત્પન્ન થઇ કે જે સાપના મુડદા જેવી યાવત્....તેથી અધિક ખરાબ અમનોજ્ઞ હતી. ( સૂત્ર–૬૭ )

તે કાલે તે સમયે **કોશલ** નામે દેશ હતો, તેમાં સાકેત નામે નગર હતું. તેના ઇશાનકોણમાં એક મોટું **નાગઘર** હતું જે શ્રેષ્ઠ હતું, સત્ય હતું, સેવનફલદાયી હતું અને દેવાધિષ્ઠિત હતું. તે નગરમાં ઇક્ષ્વાકુરાજા **પ્રતિબુદ્ધિ** વસે છે, **પદ્માવતી** રાણી છે, **સુબુદ્ધિ** મંત્રી છે. શામદંડ૦

અન્યદા કોઇ દિન પદ્માવતીની નાગપૂજા હતી જેથી તે પદ્માવતી નાગપૂજાને. દિન આવ્યો છે એમ જાણીને જ્યાં પ્રતિબુદ્ધિ રાજા છે. બે હાથ જોડી આ પ્રમાણે બોલી. હે સ્વામી ! ખરેખર એ રીતે મારે કાલે નાગપૂજા છે તો હે સ્વામી હું ઇચ્છુ છું કે તમારી આજ્ઞા પામીને નાગપૂજામાં જાઉં ? અને હે સ્વામીનાથ ! તમો પણ મારી નાગપૂજામાં પધારો ત્યારે પ્રતિબુદ્ધિ રાજા પદ્માવતીદેવીથી આ વાત જાણે છે. ત્યારબાદ પદ્માવતી રાણી પ્રતિબુદ્ધિની આજ્ઞા પામતી છતી હર્ષિત–૦ કૌટુંબિકોને બોલાવે છે. બોલાવીને આ પ્રમાણે કહ્યું—હે દેવાનુપ્રિય ? ખરેખર એ રીતે કાલે મારો નાગપૂજાનો ઉત્સવ થશે ! તો તમો માળીને બોલાવો. માળીને બોલાવીને કહો કે—કાલે ખરેખર પદ્માવતી દેવીની નાગપૂજા થશે તો હે દેવાનુપ્રિયો ! તમો નાગઘરમાં જલસ્થળની પાંચ રંગી માલાઓ એકઠી કરો અને એક મોટો શ્રીદામગંડ બનાવી લાવો. ત્યારબાદ જળસ્થળની પાંચ રંગી માલાઓથી એક પુષ્પમંડપ બનાવો કે જેમાં માલાઓથી વિવિધ પ્રકારના આલેખન ચિત્રણ હોય, હંસ, હરણ, મોર, ક્રૌંચ, સારસ, ચક્રવાક, મદનશાલ, કોયલના કુટુંબો હોય, શશમૃગ. યાવત્....ચિત્રો હોય, જે મહામૂલ્યવાન્ અતિ કીંમતિ હોય. પ્રશસ્ય અને મોટો હોય. તેના એકદમ મધ્યભાગમાં એક મોટા શ્રી દામગંડને યાવત્....ગંધ સમૂહને મૂકતા શ્રીદામગંડને ઉલ્લેચમાં ટાંગો. ટાંગીને પદ્માવતી દેવીની રાહ જોતાં રહો. ત્યારે તે કૌટુંબિકો, યાવત્....રહે છે.

ત્યારે તે પદ્માવતી દેવી પ્રાતઃકાલે –૦કૌટુંબીકોને એ પ્રમાણે કહે છે—હે દેવાનુપ્રિયો—! તમો એકદમ સાકેતપુરને બહાર તથા અંદર છાંટેલું, સાફ કરેલું, લીંપેલું, યાવત્....આજ્ઞા પાછી આપે છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારબાદ પદ્માવતી દેવી બીજીવાર કૌટુંબિક પુરૂષોને—૦ જલદી લઘુકરણ-યુક્ત, યાવત્...ધૂંસરી ઉભી કરાવો. ત્યારે તેઓ પણ તેમ ઉભી કરાવે છે. ત્યારબાદ તે પદ્માવતી અંતઃપુરમાં અંદર ન્હાઇ, યાવત્...ધાર્મિક રથ ઉપર ચડી, ત્યારે તે પદ્માવતી પોતાના પરિવારથી વીંટાએલી સાકેતપુરના મધ્યમાર્ગથી નીકળે છે. નીકળીને જ્યાં પુકષ્રિણી છે ત્યાં આવે છે. આવીને પુષ્કરિણીમાં પડે છે. પુષ્કરિણીને અવગાહીને જલમજ્જન, યાવત્...પરમ શુચિ થએલી **લીલા વસ્ત્રવાળી** ત્યાં જે ઉત્પલો-કમળો છે, યાવત્...વીણે છે, જ્યાં નાગઘર છે ત્યાં જવા પ્રયાણ કરે છે. ત્યારે પદ્માવતીની દાસીઓ કેટલીક પુષ્પ-પત્ર હાથમાં લઇને કેટલીક ધૂપધાણા હાથમાં લઇને પાછળ જાય છે. ત્યારબાદ પદ્માવતી સર્વ ઋદ્ધિથી જ્યાં નાગઘર છે ત્યાં આવે છે, આવીને નાગઘરમાં પેસે છે, હાથમાં મોરપીછી લઇને, યાવત્...ધૂપ ઉખેવે છે અને પ્રતિબુદ્ધિ રાજાની રાહ જોતી ઉભી રહે છે.

ત્યારે પ્રતિબુદ્ધિરાજા ન્હાઇ શ્રેષ્ઠ હાથી પર ચઢી કોરંટ માલા, યાવત્... સફેદ ચામરોવડે ઘોડા, હાથી, રથ૦ વિગેરે સાથે સાકેતપુરના મધ્યમાં નીકળે છે. જ્યાં નાગઘર છે ત્યાં આવે છે, આવીને હાથીના સ્કંધથી ઉતરે છે, ઉતરીને જોઇને ( નાગને ) પ્રણામ કરે છે. પ્રણામ કરીને પુષ્પમંડપમાં પ્રવેશે છે. પેસીને તે મોટા **શ્રીદામગંડને** જુએ છે.

ત્યારે તે પ્રતિબુદ્ધિ તે શ્રીદામગંડને ચિરકાલ સુધી જુએ છે. જોઇને તેવા શ્રીદામગંડ સંબંધી આશ્ચર્ય થવાથી સુબુદ્ધિ મંત્રીને આ પ્રમાણે કહે છે—હે દેવાનુપ્રિય ! તું મારા દૂત તરીકે ઘણા ગામ આકર યાવત્...સન્નિવેશોમાં ફરે છે. ઘણા રાજા ઇશ્વર યાવત્...ગૃહસ્થોને ઘેર જાય છે તો તે પહેલા કોઈ સ્થાને આવો શ્રીદામગંડ દેખ્યો છે ? કે જેવો આ પદ્માવતી દેવીનો શ્રીદામગંડ છે. ત્યારે સુબુદ્ધિ મંત્રીએ રાજાને કહ્યું—હે સ્વામિન્ ! ખરેખર હું એક વાર ક્યારેક તમારા દૂત તરીકે **મિથિલા** રાજધાનીમાં ગયો હતો ત્યાં મેં કુંભરાજાની પુત્રી અને પદ્માવતી રાણીની આત્મજા **મલ્લિ**કુમારીના વર્ષગણનાના ઉત્સવમાં દીવ્ય શ્રીદામગંડ દેખ્યો હતો. તે શ્રીદામગંડની અપેક્ષાએ આ પદ્માવતીનો શ્રીદામગંડ લાખમી શોભાને પણ પામતો નથી.

ત્યારે પ્રતિબુદ્ધિ રાજા સુબુદ્ધિ મંત્રી પ્રત્યે બોલ્યો કે—હે દેવાનુપ્રિય ! વિદેહ રાજકન્યા મલ્લિકુમારી કેવી છે ? કે જેની વર્ષગણનાના શ્રીદામગંડની લક્ષાંશ શોભાને પણ પદ્માવતી દેવીનો શ્રીદામગંડ નથી પામી શકતો ? ત્યારે સુબુદ્ધિ મંત્રી ઇક્ષ્વાકુરાજ પ્રતિબુદ્ધિને આ પ્રમાણે કહે છે-વિદેહની શ્રેષ્ઠ રાજકુમારી સારી રીતે રહેલ કાચબા જેવા ઉંચા સુંદર ચરણવાળી. વર્ણન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સત્સંગ—સંતસમાગમ કેમ કરતો નથી ?

( પર્યુષણ પ્રસંગે પણ ) ( ચેતી શકે તો ચેતો )

" સંત બડે પરમારથી, શીતળ ઉનકા અંગ;
તપન બુઝાવે ઓરકી, લગાદે અપના રંગ. " (તુલશીદાસ)
" શીતલ સદા સંત સુરપાદપ " ( કલ્પવૃક્ષ ) (ચિદાનંદજી)
" કાયા કાચો કુંભ છે, જીવ મુસાફર પાસ;
તારો ત્યાં લગી જાણજે, જ્યાં લગી શ્વાસોશ્વાસ. "

(જીવ) 'મનથી જ બાંધે ને મનથી જ છોડે' (પ્રસન્નચંદ્ર રાજરૂષિની પેરે)

'કામ, ક્રોધ ને લોભ એ ત્રણે દુર્ગુણોને તજવાથી જ કલ્યાણ સાધી શકાય છે.'

'**કીડીને કણ અને હાથીને મણ એમ** સૌને ભાગ્ય પ્રમાણે ઉદ્યમ કરતાં મળી રહે છે.'

'જે કંઇ નીતિથી મળે તેમાં જ સંતોષ માની, અંતઃકરણ કોમળ રાખી, જન્મ સુધારવો.'

" મનકા (=મણકા) ફેરત (=ફેરવતાં) જન્મ ગયો, ગયા ન **મનકા ફેર**

---

ત્યારે **પ્રતિબુદ્ધિ** રાજા સુબુદ્ધિ મંત્રી પાસેથી સાંભળી અવધારી શ્રીદામ-ગંડથી ઉત્પન્ન થએલ હર્ષ ( અનુરાગ )વાળો દૂત બોલાવે છે, અને બોલાવીને કહે છે કે—હે દેવાનુપ્રિય ! તું મિથિલા રાજધાનીમાં જા. ત્યાં કુંભરાજાની પુત્રી તથા પદ્માવતીની આત્મજા મલ્લિકુમારીની વિદેહની શ્રેષ્ઠ રાજકન્યાની મારી પત્ની તરીકે માગણી કરો કે જે સ્વયં રાજ્ય-શુકલ ( રાજ્ય—મૂલ્ય, રાજ્યપ્રાપ્તિ ) વાળી છે. ( છતાં પણ વરે. )

ત્યારે તે દૂત પ્રતિબુદ્ધિએ એ પ્રમાણે કહ્યે છતે હર્ષિત—સાંભળે છે, સાંભળીને જ્યાં પોતાનું ઘર છે જ્યાં ચાર ઘંટવાળો અશ્વ—રથ છે ત્યાં આવે છે. ત્યાં આવીને ચતુર્ઘંટ અશ્વ-રથને તૈયાર કરે છે, તૈયાર કરીને ચડે છે. યાવત્.... ઘોડા હાથી મહાન્ ભટ નોકરોની સાથે સાકેતથી નીકળે છે, નીકળીને જ્યાં વિદેહ દેશ છે જ્યાં મિથિલા રાજધાની છે ત્યાં જવાને માટે ચિંતવે છે—પ્રયાણ કરે છે. ( સૂત્ર–૬૮ ) ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(ચંચળતા); કરકે મનકે છોડકે (=હાથમાંના મણકા છોડીને), મનકે મનકે ફેર (=મનના મણકા ફેરવ). ”

‘ સત્સંગતિઃ કથય કિં ન કરોતિ પુંસામ્ ?=સત્સંગતિ શો લાભ ન કરે ?

“ સત્સંગ સબનકો સાર ” સમજી સત્સંગ કરવો અને કુસંગ તજવો.”

‘ સહુનું શુભ જ ચિન્તવવું, શુભ જોઈને કે જાણીને રાજી થાવું, અને તેટલું શુભ કરવા તત્પર રહેવું. જ્યાં શુભ થવાનો અવકાશ જ ન હોય ત્યાં કેવળ ઉપેક્ષા યા મધ્યસ્થતા ધારી આત્મસુધારણા તરફ અધિક લક્ષ આપવું.’

‘ કોઇએ જાણતાં અજાણતાં આપણા અપરાધ કર્યો જ હોય તો મનમાં રોષ ન રાખવો એમ સમજીને કે ‘ થયું ન થયું થતું નથી.’ એમ ધારી સમતા રાખવી.’

“ આપણે પોતે આ જન્મમાં અને અન્ય જન્મોમાં જાણતાં અજાણતાં કેટલા પાપ સેવ્યાં હશે–કેટલા અપરાધ કર્યા હશે ? હવે તેમાંથી છૂટવા પ્રયત્ન કરવો જોઇએ. ’

‘ ક્ષણ લાખેણો જાય ’ ‘ સારા કામમાં સો વિઘ્ન ’ એમ જાણીએ ને પોકારીએ છતાં વિષયકષાય ને વિકથાદિક પ્રમાદવશ બની, વખતનો કેટલો બધો ગેરઉપયોગ કરાય છે ? અને તેની વિમાસણ પણ ભાગ્યે જ કરાય છે તો પછી તેનાં ફળ–વિપાક–પરિણામ ભોગવવાને પણ આપણે તૈયાર રહેવું જ જોઇએ.’ પોતાનામાં તથાવિધ ગુણ વગર તેનો ખોટો આડંબર કરવો જીવને કેમ ગમતો હશે ? કહે છે કે જેવી ગતિ એવી મતિ તે તેવાં મિથ્યા આડંબરથી જીવને શું દુર્ગતિમાં જવું હશે ? નહીં તો જીવને એવી દુર્મતિ સૂઝે જ કેમ ?’

જો સાચા દીલથી કહો કે શુદ્ધ અંતઃકરણથી જીવને પાપનો પસ્તાવો થયો જ હોય તો ફરી ફરી તેવાં પાપથી પાછા ઓસરી, શુભ માર્ગે ચાલવા અવશ્ય પ્રયત્ન કરે. તો જ સામાયિક, પ્રતિક્રમણાદિક ધર્મકરણી કરી લેખે પડી શકે. નહીં તો પછી ઘાણીના બળદની જેમ ફોગટના ફેરા ફરી ફરી હતા ત્યાં ને ત્યાં જ રહેવાના માટે મોહ અજ્ઞાનવશ જીવ પોતે કેટકેટલા પાપ બાંધી ભારે થતો જાય છે તેની તેને સૂઝ પણ પડતી નથી. એવા અનર્થદંડક પાપોથી બચવા જીવને સન્મતિ સૂઝે ! ઇતિશમ્

( સંગ્રાહક ને લેખક સદ્ગુણાનુરાગી કર્પૂરવિજયજી. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પરમસુખ પ્રાપ્તિરૂપ ચિત્તશુદ્ધિનું ફલ કઇ રીતે સાંપડે ?[1]

## ( તત્સંબંધી શાસ્ત્રસમર્થન )

( સંગ્રાહક સદ્દગુણાનુરાગી કર્પૂરવિજયજી )

રાગ-દ્વેષાદિક દોષથી મલીન થયેલું મન ભવભ્રમણ હેતુક બને છે અને સકળ દોષથી મુક્ત થયેલું મન મોક્ષદાયિ નીવડે છે. આવા કારણથી જ અન્ય પંડિતો પણ ચિત્તશુદ્ધિના સંબંધમાં આવી રીતે માને છે. ૧.

" રાગાદિક કલેશથી વાસિત થયેલું ચિત્ત જ ખરેખર જન્મ-મરણજન્ય સંસારરૂપ છે, અને તે રાગાદિક વિકારથી સર્વથા મુક્ત થયેલું મન જ મોક્ષરૂપ છે. ૨.

આ અત્યંત ગૂઢ તત્ત્વ તુજને કહું છું કે સારી રીતે સંસ્કારિત કરેલું ચિત્તરૂપી શ્રેષ્ઠ રત્ન જ અતિ યત્નથી સાચવી રાખવું. તેને મોકળું-રઝળતું ન જ મૂકવું. ૩.

જ્યાંસુધી વાયુથી પણ અધિક વેગવાળું તારૂં મન વિવિધ વિષયોમાં દોડાદોડ કરે છે, ત્યાંસુધી તુજને સાચા સુખનો ગંધ પણ આવ્યો નથી.

જ્યારે માન-પ્રતિષ્ઠા મનમાં ભૂંડની વિષ્ટા જેવી અનિષ્ટ લાગશે, રાજ્યનું સુખ રજ જેવું નિર્માલ્ય લાગશે અને વિષયભોગ પણ રોગની જેવા અળખામણા લાગશે ત્યારે જ તુજને પરમસુખ પ્રાપ્ત થશે, ૫.

જ્યારે તારૂં ચિત્ત બહાર ભટકવાનું તજી દઇ, સ્થિરતાને પામી નિઃસ્પૃહ બની જશે ત્યારે જ તને પરમસુખ પ્રાપ્ત થશે. ૬.

જ્યારે તારૂં ચિત્ત ધ્યાન સરોવર મધ્યે આત્મગુણાસ્વાદરૂપી કમળમાં ભ્રમરની જેમ લીન થઇ જશે ત્યારે જ તને પરમસુખ પ્રાપ્ત થશે. ૭.

જ્યારે તારૂં મન મનોહર સ્ત્રીઓમાં અને કાળી મશીમાં સમભાવ ધારણ કરશે ત્યારે જ તને પરમસુખ થશે. ૮.

દેદિપ્યમાન રત્નોમાં અને મટોડીમાં જ્યારે મનોવૃત્તિ એકસરખી થઇ જશે ત્યારે જ તને પરમસુખ પ્રાપ્ત થશે. ૯.

મેઘના આવરણ અને રાહુના અંતરાયથી રહિત એવા ચંદ્રમાની જેવું

૧ આ લેખ સંબંધી સંસ્કૃત શ્લોકો જોવા ઇચ્છા હોય તે **પ્રશમરતિ** પુસ્તકના ૮૫મા પેજથી શરૂ થતા જોઇ શકશે. **અનુવાદક.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિર્મળ તથા રજોગુણ અને તમોગુણ વિનાનું જ્યારે તારૂં ચિત્ત થશે ત્યારે જ તને પરમસુખ પ્રાપ્ત થશે. ૧૦.

ક્રોધાતુર થયેલા શત્રુ ઉપર અને શુદ્ધ અંતઃકરણવાળા સજ્જન ઉપર જ્યારે તારૂં મન સમભાવ ધારણ કરશે ત્યારે જ તને પરમસુખની પ્રાપ્તિ થશે. ૧૧.

જ્યારે તારૂં મન વાઘથી જેટલું ડરે તેટલું પરનિંદાથી અને વિષધરથી જેટલું ડરે તેટલું પરદ્રોહથી ડરતું રહેશે, અર્થાત્ પ્રાણાન્તે પણ પરનિંદા અને પરદ્રોહમાં પ્રવૃત્તિ કરશે નહિ ત્યારે જ તને પરમસુખ પ્રાપ્ત થશે. ૧૨.

ચંદનની વિષે સુગંધની પેરે તારા ચિત્તને વિષે જ્યારે ધર્મ સદાકાળ એક સરખી રીતે પરિણમશે ત્યારે જ તુજને પરમસુખની પ્રાપ્તિ થશે. ૧૩.

શીત તાપાદિક ભાવોવડે જ્યારે ચિત્તની લગારે લાગણી દુઃખાશે નહિ અને સર્વ સાધક--બાધક ભાવોને એક સરખી રીતે સહી શકે એવી અભેદ વૃત્તિ થશે ત્યારે જ તને પરમસુખ પ્રાપ્ત થશે. ૧૪.

જ્યારે તારૂં ચિત્ત અનાદિ વાસનારૂપ વાયરાવડે જ્ઞાનમાત્રના આસ્વાદન-થકી અન્ય સ્થળે દોરાય નહિં જાય પરંતુ કેવળજ્ઞાનના રસમાં જ મગ્ન બન્યું રહેશે, ત્યારે જ તને પરમસુખ પ્રાપ્ત થશે. ૧૫.

જ્યારે સમ્યગ્જ્ઞાનરૂપી નિર્મળ નીરવડે અને દુર્ધર વ્રતરૂપી તીક્ષ્ણ ક્ષારવડે તારૂં ચિત્તરૂપી વસ્ત્ર સર્વ પાપરૂપી મળથી રહિત એવું શુદ્ધ થશે, ત્યારે જ તને પરમસુખની પ્રાપ્તિ થશે. ૧૬

જ્યારે તારૂં ચિત્ત ( તારો આત્મા ) સંપૂર્ણ જ્ઞાનવડે જગતના ન્હાના-મોટા સર્વ જીવોને સમદૃષ્ટિથી જોશે ત્યારે તને પરમસુખ પ્રાપ્તિ થશે. ૧૭

પાણીના પરપોટા જેવા ( ક્ષણિક ) સર્વ સાંસારિક ભાવોને સંહરીને ( સમેટીને ) ચિત્ત જ્યારે [1]આત્મઉદધિમાં સ્થિતિવાળું થશે, અર્થાત્ જ્યારે ચિત્ત સર્વ સાંસારિક પદાર્થો ઉપરથી સર્વથા વિરક્ત-ઉદાસીન બની પરમ શાંતિના સ્થાનરૂપ આત્મામાં જ સ્થિત થશે, ત્યારે જ તને પરમસુખ પ્રાપ્ત થશે. ૧૮.

પરવસ્તુની અપેક્ષાવાળી પરાધીનતા તજી દઇને જ્યારે ચિત્ત અનુભવ સામ્રાજ્યને જ સ્વાધીન કરવા ઇચ્છશે ત્યારે જ તને પરમસુખ પ્રાપ્ત થશે. ૧૯.

સુષુપ્તિ ( નિદ્રા ), સ્વપ્ન અને જાગ્રત એ ત્રણે અવસ્થાને ઉલ્લંઘી જ્યારે તારૂં ચિત્ત ઉજાગર દશારૂપ ચતુર્થી અવસ્થાનો અનુભવ લેશે ત્યારે જ તને પરમસુખ પ્રાપ્ત થશે. ૨૦.

---

૧ સાગર--રત્નાકર મધ્યે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પૂજનની સફળતા.

## શુદ્ધિના પ્રકાર વિષે.

( ગતાંક પૃષ્ઠ ૩૯ થી શરૂ. )

( ૨ )

દેહશુદ્ધિ અને વસ્ત્રશુદ્ધિ એ પ્રભુપૂજામાં અતિ જરૂરના છે. આગળ આપણે વિચારી ગયા કે જે વસ્ત્રોની ઉત્પત્તિમાં અન્ય જીવોની પ્રાણહાનિરૂપ મહાન્ દોષ સમાયેલો છે તે વસ્ત્રોનો ઉપયોગ પ્રભુપૂજન જેવા માંગલિક પ્રસંગે ન જ થાય; એટલે અત્યારના સમયે આવતાં દરેક જાતના રેશમી વસ્ત્રો તો વપરાય જ નહિં. મીલના વસ્ત્રો પણ અમુકાંશે દુષિત ગણાય એ વિચારતાં ખાદીના પવિત્ર વસ્ત્રો વાપરવાનું જ વ્યાજબી ગણાય. ચિત્તની પ્રસન્નતામાં શ્વેતતા કંઇ ઓછો ભાગ ભજવતી નથી. જીવરક્ષાના કાંટે ચઢાવતા બીજા કોઇપણ જાતના વસ્ત્રો કરતાં ખાદીમાં ઘણી ઓછી બલ્કે નહિં જેવી દોષાપત્તિ છે, એટલે પ્રત્યેક જૈન પૂજનકાળે અવશ્ય એનો જ ઉપયોગ કરે.

હવે આપણે પૂજનવિધિમાં વપરાતા દ્રવ્ય સંબંધી વિચારીએ. શાસ્ત્રમાં તો ડગલે ને પગલે ધર્મમાર્ગે ખરચાતો પૈસો પણ ન્યાયમાર્ગે જ સંપાદન કરેલો હોવો જોઇએ એમ ભારપૂર્વક કથન કરાયેલું છે. ઝીણવટથી જોતાં આ વાત અતિ રહસ્યપૂર્ણ દૃષ્ટિગોચર થાય છે; કારણકે આપણે માનીએ છીએ કે આત્મા પરિણામની ધારાએ ચઢે છે ત્યારે ઓછા સમયમાં અતિ ઘણું કામ કરી નાખે છે. પણ પ્રશ્ન એ થાય છે કે પરિણામ શ્રેણી પ્રગટે શી રીતે ? આપણા તરંગો તો પૂજનવેળાયે કેટલાયે માઇલો ખુંદી આવે છે ! અને આંગળીઓ જ્યારે પ્રભુશ્રીના અંગ પર ચક્રાવા લેતી હોય છે ત્યારે મન–માંકડુ તો કયાંયે ભ્રમણ કરતું હોય છે ! જ્યાં આવી વિષમ પરિસ્થિતિ ત્યાં જીર્ણશ્રેષ્ઠિની ભાવના લાવવી કયાંથી ?

પણ આ પ્રશ્નને જો ' અન્ન એવો ઓડકાર ' એ ઉક્તિ અનુસાર વિચારાય તો ગડ બેસે તેમ છે. આપણે જે ધનવડે આહાર–વિહાર કરી રહ્યા છીએ એના–મૂળમાં–એના ઉપાર્જનમાં–ન્યાય, નીતિ કે પ્રમાણિકતા સર્વથા ન હોવાથી આહારમાં પણ સાત્વિકતા આવતી નથી; એટલે મન સદાકાળ ચંચળતા અનુભવે છે. કથાનકોમાં આપણે ઘણી વાર સાંભળીએ છીએ કે ' સત્યની કમાઇનું રત્ન ' એક શેઠે ફેંકી દીધું છતાં એ શેઠને ઘરે જ પાછું આવ્યું. વળી એક સારામાં સારા તપસ્વી ને યોગીપુરૂષના હૃદયમાં દૂષિત આહાર–એટલે અન્યાય માર્ગે પેદા કરેલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અમારી પૂર્વદેશની યાત્રા.

## ( ઐતિહાસિક દૃષ્ટિએ. )

( ગતાંક પૃષ્ટ ૪૧ થી શરૂ )

**રાજગૃહી.**

કુંડલપુરથી ૪ કોશ દૂર રાજગૃહી નગરી છે. રાજગૃહી નગરી બહુ પ્રાચીન સ્થાન છે. વીસમા તીર્થંકર **શ્રીમુનિસુવ્રતસ્વામી**ના ચાર કલ્યાણ અહીં થયાં છે. ત્યારપછીનો જરાસંધનો ઇતિહાસ થોડો જ ઉપલબ્ધ થાય છે, પરન્તુ છેલ્લા ત્રણ હજાર વર્ષથી પણ પહેલાનો ઇતિહાસ જૈન ગ્રંથોમાં શ્રૃંખલાબદ્ધ મળે છે. પરમ આર્હતોપાસક ભાવી-તીર્થંકર મગધસમ્રાટ મહારાજ બિંબીસાર ( શ્રેણિક ) ના પિતા રાજા પ્રસેનજીતની રાજ-ધાની આ જ નગરી હતી; તેમજ રાજા શ્રેણીકે પણ રાજગૃહીને જ પોતાની રાજધાનીનું

---

પૈસાથી બનાવેલો આહાર જતાં, એની કરણીમાં અને જીવનમાં એકાએક જબરૂં પરિવર્તન થઇ ગયું ! આ ઉપરથી સહજ સમજાશે કે જ્ઞાનીપુરૂષોએ ' ન્યાય દ્રવ્ય ' પર જે વજન મૂક્યું છે તે અસ્થાને નથી પણ અતિ અવશ્યનું છે.

પૂજનની સફળતાનો આધાર આપણી સાચી કમાણીના વ્યય પર સવિશેષ અવલંબે છે, એટલે આપણે કેસર, સુખડ, કે ફળ, નૈવેદ્ય તરીકે જે જે પદાર્થો વાપરીએ તે કયા પૈસાથી ખરીદાયા છે, તેમ તે કેટલા અંશે શુદ્ધ ને પવિત્ર છે અને તેને લાવનાર વ્યક્તિ કેવા પ્રકારની છે એ સર્વ વિચારવું ઘટે છે.

યાદ રાખવાનું છે કે ફળની પ્રાપ્તિ ભાવિક હૃદયની ભાવશ્રેણી પર અવલંબે છે. ભાવશ્રેણીનો આધાર વસ્તુઓની સંખ્યા કે કિંમત પર નથી જ. જરૂર શક્તિશાળી આત્મા પોતાની પૂર્ણ સામગ્રી સહિત દેવપૂજન કરે, એથી અન્યને ભાવવૃદ્ધિદાયક ને શાસનપ્રભાવનાકારક એ કાર્ય ગણાય; પણ જે જોવાનું છે તે એ કે ઉક્ત સામગ્રી કેટલે અંશે પવિત્ર–નિર્દોષ અને આત્મ–પરિણામને નિર્મળ કરનારી છે. જ્યાંલગી સાધન શુદ્ધ ન હોય ત્યાંલગી સાધ્યપ્રતિ લક્ષ્ય સ્થિર થઇ શકતું નથી, અને ધ્યાતા ધ્યાન તથા ધ્યેયરૂપ ત્રિપુટીનો મેળ મળ્યા વગર ભાવરમણતા કે એકતારતા અનુભવવી એ ધુમાડાના બાચકા ભરવા જેવું છે ! ચોતરફ પવિત્રતા ને નિર્મળતા પાથર્યા વગર જ્યાં બાહ્ય આનંદ લક્ષ્ય થઇ શકતો નથી ત્યાં અંતરની જ્યોતિ ઝળહળે એ શું શકય છે ?

તેથી જ સાધન શુદ્ધિ અગત્યની છે. માટે જ આજકાલ વપરાતા દ્રવ્યો સંબંધી ઉહાપોહ જરૂરી છે.

લે૦

**ચોકસી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાટનગર રાખ્યું હતું. મગધની રાજધાની રાજગૃહનગર હતું. ભગવાન્ મહાવીરદેવ અહીં ઘણી વાર પધાર્યાં હતા. આઠમુ ચાતુર્માસ અહીં થયું છે. રાજગૃહીના નાલંદાપાડામાં તો અનેક ચોમાસા થયાં હતાં, જ્યારે નજીકના ગુણીશીલવન ઉદ્યાનમાં પણ વિચરી જ્ઞાનપ્રકાશ જગતમાં ફેલાવ્યો હતો. ભગવાન્ મહાવીરના અગીયારે ગણધરો અહીં નજીકના પહાડમાં નિર્વાણપદ પામ્યા હતા. અન્તિમ કેવલી **શ્રી જંબુસ્વામી, ધન્ના, શાલિભદ્ર, મેઘકુમાર, સુલસા, શ્રાવિકા** વિગેરે વિગેરે અનેક મહાપુરૂષો આ નગરમાં જ જન્મ્યા હતા અને વીરપ્રભુના ઉપદેશામૃત પીને વૈરાગ્ય પામી દિક્ષિત પણ આ નગરમાં જ થયા હતા. બુદ્ધિનિધાન મંત્રીશ્વર શ્રી અભયકુમારે પણ અહી દીક્ષા લીધી હતી અને પ્રસન્નચંદ્ર રાજર્ષિને કેવલજ્ઞાન પણ આ જ નગરમાં થયું હતું. વિંધ્યાદ્રિ નજીકના જયપુરના રાજા વિંધના પુત્ર **પ્રસિદ્ધ ચોર પ્રભવાજી પણ પ્રતિબોધ** પામી અહીં જ દિક્ષિત થયા હતા. પ્રસિદ્ધ ચોર રોહણીયાજી પણ અહીં જ વૈભારગિરિની ગુફામાં રહેતા હતા. અત્યારે તો આ ઇતિહાસપ્રસિદ્ધ મહાન વૈભવશાલી નગરીનું વર્ણન વાંચીને જ સંતોષ માનવા જેવું છે. તેનો પુરાણો વૈભવ અને ગૌરવ આજે ધૂળમાં રગદોળાઇ ગયેલ છે. મનુષ્યે આમાંથી કેવા કેવા બોધપાઠો લેવાંના છે. તેના જર્જરીત ખંડિયેરો પોતાના પૂર્વના વૈભવ જોવા માટે જાણે મનુષ્યને બોલાવી તેમાંથી ઉપદેશ આપતા હોય તેમ ઉભા છે. રાજગૃહી અત્યારે તો નાનું શહેર છે, પરન્તુ ભારતના પુરાતત્ત્વવિદો અને વિજ્ઞાનશાસ્ત્રીઓ અહીં આવે છે અને નૂતન શોધખોળ ચલાવે છે. મહાન્ વિજ્ઞાનશાસ્ત્રી શ્રી જગદીશચંદ્ર બોઝ અમને અહીં જ મળ્યા હતા. અહીંના ઉના પાણીના કુંડોમાં રહેલ તત્વોની શોધ કરી રહ્યા હતા અને અમને કહ્યું હતું કે " જૈનો પોતાનો શ્રૃંખલાબદ્ધ પ્રમાણીક પ્રાચીન ઇતિહાસ મૂકે તે બહુ જરૂરનું છે.[1] રાજગૃહી બિહારથી રાજગૃહી લાઇનનું છેલ્લું સ્ટેશન છે. અહીં પોષ્ટ અને તાર ઓફીસ છે. સ્ટેશનથી ૦| માઇલ દૂર જૈન શ્વેતાંબર વિશાલ ધર્મશાળા છે. તેની નજીકમાં કિલ્લેબંધીમાં બે મંદિરો છે. એકમાં શ્રીમુનિસુવ્રતસ્વામી મૂળનાયક છે. બીજામાં શ્રી પાર્શ્વનાથ પ્રભુ મૂળનાયક છે, આમાં બુદ્ધકાલીન શિલ્પકલાના નમુનારૂપ જૈન મૂર્તિ ખાસ દર્શનીય છે. બૌદ્ધકાલીન શિલ્પના ઉદય વખતે તેનું અનુસરણ જૈન શિલ્પીએ પણ કર્યું છે. આ પ્રદેશમાં તેના ઘણા નમુના મળે છે આ વિષય તરફ જૈન વિદ્વાનોએ ખાસ લક્ષ આપવાની જરૂર છે. ત્રીજું મંદિર અત્યારે ખાલી છે ઉપર પણ નેમનાથપ્રભુનું મંદિર છે. નીચે મંદિરની બાજુમાં દાદાજીની દેરી છે અને અંદરના દરવાજામાં પેસતાં જ એક મોટો શિલાલેખ નજરે પડે છે. આમાં મંદિરના ઉદ્ધારનું વર્ણન છે. તેની બાજુમાં જ શ્વેતાંબર પેઢી છે. અહીંની વ્યવસ્થા કલકત્તાના પ્રસિદ્ધ બાબુ રાયકુમારસિંહજી રાખે છે. મંદિરના જીર્ણોદ્ધારની ખાસ આવશ્યકતા છે, સામે જ ધર્મશાળા છે. ગામ બહાર પહાડ નજીકમાં નહાર બિલ્ડીંગ છે, જે કલકત્તાના પ્રસિદ્ધ ઇતિહાસજ્ઞ બાબુ પુરણચંદ્રજી નહારે બંધાવેલ છે.

ધર્મશાળાથી એક માઇલ દૂર **વિપુલગિરિ** પહાડ છે. રસ્તામાં જતાં દિગંબરી ધર્મશાળા તથા મંદિર તેમજ સરકારી ડાક–બંગલો આવે છે. ત્યારપછી ગરમ પાણીના પાંચ

૧ આ સંબંધી વિશેષ ખુલાસા માટે મારો જગદીશચંદ્ર બોઝની પ્રયોગશાળા નામનો જૈન જ્યોતિમાં આવેલ લેખ જુઓ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુંડો આવે છે. પહાડનો રસ્તો વાંકોચુંકો અને ચઢાવ સામાન્ય રીતે કઠણ છે. મોટા મોટા પથ્થરો વચમાં પડયા છે, એટલે રસ્તો કઠણ લાગે છે. અહીં પ્રાચીનકાલીન નાની દેરીઓ—નાના દેરાં છે, જેમાં એકમાં અઇમત્તામુનિની મનોહર પાદુકા છે. ત્યારપછી અનુક્રમે કમળપત્ર પર પધરાવેલ શ્રી વીરપ્રભુની પાદુકાઓ છે. ( જે ચૌદ ચોમાસાના સ્મરણરૂપે છે ) ઉત્તરાભિમુખ શ્રી મુનિસુવ્રતસ્વામિનું મંદિર ( ચાર કલ્યાણકનું ), ચંદ્રપ્રભુનું મંદિર, સમવસરણની રચનાવાળું શ્રી વીરપ્રભુનું અને ઋષભદેવપ્રભુનું મંદિર છે. વિપુલગિરિથી ઉતરી રત્નગિરિ જવું.

**રત્નગિરિઃ**—અહીં ઉત્તરાભિમુખ શ્રી શાન્તિનાથપ્રભુનું મંદિર છે તેમજ વચમાંના સ્તૂપના ગોખમાં શાન્તિનાથ, પાર્શ્વનાથ, વાસુપૂજ્ય અને નેમનાથપ્રભુની ચરણપાદુકા છે. ત્યાંથી ઉદયગિરિ જવાય છે.

**ઉદયગિરિઃ**—પહાડનો ચઢાવ કઠણ છે. મૂળ સિદ્ધો પહાડ હોવાથી મુશ્કેલ લાગે છે. અહીં પૂર્વાભિમુખ કિલ્લામાં પશ્ચિમાભિમુખ મંદિર છે. મૂળનાયક શ્રી શામળીયા પાર્શ્વનાથજીની સુંદર મૂર્તિ છે. જમણી બાજુમાં શ્રી પાર્શ્વનાથપ્રભુ તથા ડાબી બાજુમાં મુનિસુવ્રતસ્વામીની પાદુકા છે. ચાર બાજુમાં જ દેવકુલિકા છે. જેમાં પાર્શ્વનાથપ્રભુ, શ્રી આદિનાથ પ્રભુ, નેમિનાથજી તથા શ્રી પદ્મપ્રભુજીની પાદુકા છે. ઉદયગિરિથી ઉતરી નીચે આવતાં શ્વેતાંબર પેઢી તરફથી ભાતુ અપાય છે. ગરમ પાણીની સગવડતા રહે છે. અહીં ભાતા તલાટીના મકાનની જરૂર છે. સગવડ થાય છે. જે શક્તિવાળા હોય છે તે અહીંથી ચોથા પહાડ તરફ જાય છે અને નહિં તો સિધા ધર્મશાળાએ જાય છે. અહીંથી ધર્મશાળા ૧॥ માઇલ દૂર છે. ચોથા પહાડનું નામ સુવર્ણગિરિ છે.

**સુવર્ણગિરિ**—પહાડનો ચઢાવ ઠીક છે. ઉપર પૂર્વાભિમુખ મંદિર છે. શ્રી ઋષભદેવ પ્રભુની મૂર્તિ મૂળનાયક છે. અહીંથી ઉતરીને વૈભારગિરિ જવાય છે.

**વૈભારગિરિ**—આ પહાડનો ચઢાવ બહુ સારો છે—રસ્તો પણ સારો છે. શ્વે. ધર્મશાળાથી ૦॥ માઇલ દૂર છે. અહીંથી પહાડ ઉપર ચઢવાનો રસ્તો સરલ છે. પહાડની પાછળ શ્રેણીકરાજાનો ભંડાર અને રોહણીયા ચોરની ગુફા આવે છે. અહીંથી પહાડ ઉપર જવાનો માર્ગ છે પણ પુરેપુરો મુશ્કેલી ભર્યો છે. અમે થોડું ચક્કર ટાળવા માટે અહીંથી જ ચઢયા પરન્તુ પાછળથી એમ લાગ્યું કે આ સાહસ કરવા જેવું ન્હોતું. પાંચે પહાડોમાં આ પહાડનો રસ્તો બહુ જ સરલ અને સીધો છે. પહાડ પણ બહુ જ સારો છે. પૂર્વ દિશામાં શ્રી ગુણાયાજીનું મંદિર તથા ઉત્તર તરફ શ્રી પાવાપુરીનું **જલમંદિર** આ પહાડ ઉપરથી જણાય છે. દશ્ય બહુ જ હૃદયંગમ અને ચિત્તાકર્ષક લાગે છે. (૧) પહાડ ઉપર પૂર્વાભિમુખ મંદિરમાં જીનમૂર્તિ છે. જમણી બાજુ નેમિનાથ પ્રભુ અને ડાબી બાજુ શાંતિનાથ પ્રભુની પાદુકા છે. (૨) ઉત્તરાભિમુખ ધન્નાશાલિભદ્રની દેરી છે. ધન્નાશાલિભદ્રની મૂર્તિ હમણા નવી થયેલ છે. પ્રતિષ્ઠા થવાની છે. ( પહેલાં જુની મૂર્તિ હતી તે ખંડિત થઈ ગઇ છે. ) (૩) પૂર્વાભિમુખ મંદિર છે તેમાં વચમાં દેરીમાં શ્રી શાન્તિનાથ પ્રભુની પાદુકા છે. ચાર ખુણાની ઘુમટીમાં શ્રી નેમિનાથ, શાન્તિનાથ, કુંથુનાથ, તથા આદિનાથ પ્રભુના ચરણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# "દ્રવ્યગુણ પર્યાય વિવરણ."

લેખક—શંકરલાલ ડાહ્યાભાઇ કાપડીયા.

## નયાધિકાર.

**પ્ર૦** ઉપનય એટલે શું ?

**ઉ૦** જે નયની સમીપમાં જ રહે તે અર્થાત્ નયને મળતા હોય તે.

**પ્ર૦** દિગંબરીઓ ઉપનયની મુખ્ય કલ્પના શાથી કરે છે ?

**ઉ૦** ઉપચાર આદિક ગ્રહણ કરવાની ઇચ્છાથી તેઓ સરળ નય અને નિગમ-માર્ગને ત્યજી ઉપનયની મુખ્ય કલ્પના કરે છે.

---

છે. (૪) શ્રી મુનિસુવ્રતસ્વામીનું પૂર્વાભિમુખ સુંદર મંદિર છે. જમણી બાજુ વીરપ્રભુની પાદુકા છે. (પ્રભુની મૂર્તિ બેસારવાની છે) ડાબી બાજુ વીરપ્રભુની મૂર્તિ છે. (અહીં શ્વે. દિ. ના ઝઘડા સમયે એક દિગંબર મહાનુભાવે શ્વેતાંબરોનો હક્ક ઉડાવવા માટે એક આલામાં–ગોખલામાં વિરાજી મૂર્તિ ઉપરની છત ઉપરથી ઉતારી તોડી નાખી હતી, અને જાણે કોઇ ભગીરથ કામ કર્યું હોય તેમ ઢંઢેરો પીટાયો હતો. અન્તે એ પુણ્યાત્મા (?) ને તે પુણ્ય (?) નું ફળ બહુ જ જલ્દી મળ્યાનું અમે સાંભળ્યું હતું. આ તે પ્રભુભક્તિ કે પ્રભુદ્વેષ શું સમજવું ?) આ મંદિરની ડાબી બાજુ શ્રી જગતશેઠનું મંદિર છે અને જમણી બાજુમાં પુરાણા જૈન મંદિરનું ખંડિયેર છે. અત્યારે આ સ્થાન P. W. D. ના તાબામાં છે. બૌદ્ધકાલીન શીલ્પને અનુરૂપ પ્રાચીન શ્વેતાંબરી જીનમૂર્તિઓ છે. લગભગ આને મળતી મૂર્તિઓ અમે નીચેના મંદિરમાં (રાજગૃહીના મંદિરમાં) અને પટણાના મંદિરમાં જોઇ હતી. આ મંદિરની નીચે બે ગુફાઓ છે, જેમાં અનેક સુવિહિત મુનિપુંગવો-એ અનશન કરી આત્મકલ્યાણનો માર્ગ પ્રાપ્ત કર્યો હતો–મનુષ્ય ભવ અજવાળ્યો હતો. (૫) ઉપર ચડતાં બે ખંડિયેરો આવે છે જે જીનમંદિર હશે. પહાડની તદ્દન ઉપર જતાં ઉત્તરાભિમુખ શ્રી ગૌતમસ્વામીનું મંદિર છે, જેમાં અગિયાર ગણધરોની પાદુકા છે તથા નવીન પાદુકા પણ છે. સ્થાન બહુ જ આલ્હાદક અને ચિત્તાકર્ષક છે. ધ્યાન માટે બહુ જ સુંદર અને એકાન્ત સ્થાન છે. પ્રભુ મહાવીરના મુખ્ય શિષ્યો–ગણધર દેવોએ અહીં જ અણસણ કર્યું હતું અને ભવનો અન્ત કરી નિર્વાણપદ પામ્યા હતા. આ સ્થાનથી આખી રાજગૃહીનું અને બીજા ચારે પહાડોનું દશ્ય બહુ જ સુંદર લાગે છે. નીચે ઉતરતાં ઉના પાણીના કુંડ આવે છે. આ સિવાય ગરમ અને ઠંડા પાણીના કુંડો પણ આવે છે, જેનો ઉલ્લેખ ભગવતિસૂત્ર શ–૨–ઉ–૫–સૂ–૧૧૩ તથા વિશેષાવશ્યક ગાથા ૨૪૨૫ માં મળે છે. રાજગૃહીની આ વર્તમાન પરિસ્થિતિ આપી જે અમે નજરે નિહાળી હતી. હવે પ્રાચીન પરિસ્થિતિ કે જેમણે નજરે જોઇ નોંધ કરેલી છે, જેને ત્રણ સોથી વધુ વર્ષ નથી વીત્યા તેમની વિગત આપુ છું.

(ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ દિગંબરીના મતે નવ નય અને ત્રણ ઉપનય કયા ?

ઉ૦ દિગંબરીઓએ તર્કશાસ્ત્રને અનુસારે નવ નય અને ત્રણ ઉપનય કહ્યા છે, જેમનાં નામ નીચે પ્રમાણે છે.

**નવ નયનાં નામઃ**—(૧) દ્રવ્યાર્થિક (૨) પર્યાયાર્થિક (૩) નૈગમ (૪) સંગ્રહ. (૫) વ્યવહાર (૬) ઋજુસૂત્ર (૭) શબ્દ (૮) સમભિરૂઢ અને (૯) એવંભૂત

**ત્રણ ઉપનયના નામઃ**—(૧) સત્ભૂત વ્યવહાર (૨) અસત્ભૂત વ્યવહાર (૩) ઉપચરિત સત્ભૂત વ્યવહાર.

પ્ર૦ બીજા આધ્યાત્મિકમતે કેટલા નય છે ?

ઉ૦ બીજા આધ્યાત્મિક મતે (૧) વ્યવહાર અને (૨) નિશ્ચય એ બે નય છે

પ્ર૦ તે મત જીવનું સ્વરૂપ કેવી રીતે પ્રતિપાદન કરે છે ?

ઉ૦ નિશ્ચયનયના મતે જીવ છે તે સિદ્ધસ્વરૂપ છે અને વ્યવહારથી કર્મથી બંધાયેલો હોય તેને જીવ કહે છે અને તે જીવ કર્મથી મુકત થાય છે ત્યારે તેને શિવરૂપે કહે છે.

પ્ર૦ દ્રવ્યની વ્યાખ્યા કહો.

ઉ૦ उत्पादव्ययध्रौव्ययुक्तं तत्सत् । એટલે જે પદાર્થની ઉત્પત્તિ, વિનાશ અને ધ્રુવ તે સત્ એવું જેનું લક્ષણ છે તે દ્રવ્ય.

પ્ર૦ દ્રવ્ય એટલે શું ?

ઉ૦ દ્રવ્ય એટલે જે પોતપોતાના સ્વભાવ તથા વિભાવપર્યાયથી દ્રવે છે, દ્રવશે અને દ્રવતું હતું તે દ્રવ્ય કહેવાય છે.

પ્ર૦ દ્રવ્યના બીજા અર્થ કયા કયા થાય છે ?

ઉ૦ તેના જુદા જુદા અર્થ નીચે મુજબ છે.

(૧) જે પર્યાય ગ્રહણ કરે અને ત્યાગ કરે તે દ્રવ્ય. (૨) જે પોતાના પર્યાયને પ્રાપ્ત કરી છોડી દે તે દ્રવ્ય. (૩) દ્રુ એટલે સત્તા અને તેનો જે અવયવ તે દ્રવ્ય છે. (૪) સત્તાનો જે વિકાર તેને જ દ્રવ્ય કહે છે. (૫) રૂપરસાદિક જે ગુણ છે તેનો સંભાવ એટલે સમૂહ જે ઘટાદિ પદાર્થ છે તે દ્રવ્ય છે. (૬) જે થવાનું છે તે ભાવ છે અને તે ભાવી પદાર્થને યોગ્ય જે પદાર્થ છે તે પણ દ્રવ્ય છે. જેમકે રાજકુમાર દ્રવ્યમાં રાજાપર્યાયની યોગ્યતા છે. (૭) એવી રીતે જે ભાવ પૂર્વે થઇ ગયા છે તે પણ દ્રવ્ય છે.

પ્ર૦ દ્રવ્યાર્થિક એટલે શું ?

ઉ૦ દ્રવ્યનું જે પ્રયોજન છે તે દ્રવ્યાર્થિક છે.

પ્ર૦ શુદ્ધ દ્રવ્યાર્થિક નય એટલે શું ?

ઉ૦ ઉપાધિથી રહિત જે દ્રવ્યાર્થિક નય છે તે શુદ્ધ દ્રવ્યાર્થિક નય કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ સંસારી જીવ કોને કહેવો ?

ઉ૦ નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચાર ગતિ તે સંસાર કહેવાય છે. અને તેમાં જે જીવોનું ગમનાગમન થાય તે સંસારી જીવ કહેવાય છે.

પ્ર૦ સંસારી જીવ સિદ્ધ સમાન શાથી કહેવાય છે ?

ઉ૦ સંસારી જીવ શુદ્ધ નિશ્ચયનયથી આઠ રૂચક પ્રદેશ પ્રમાણુ નિર્મળ છે તેથી તે સંસારી જીવ સિદ્ધ સમાન છે.

પ્ર૦ દ્રવ્યાર્થિક નયના કેટલા પ્રકાર છે ?

ઉ૦ દ્રવ્યાર્થિક નયના દશ પ્રકાર છે.

પ્ર૦ દ્રવ્યાર્થિક નયનો પહેલો પ્રકાર કયો ?

ઉ૦ જે કર્મોપાધિથી રહિત શુદ્ધ દ્રવ્યાર્થિક નય છે તે દ્રવ્યાર્થિક નયનો પહેલો પ્રકાર છે.

પ્ર૦ પહેલા શુદ્ધ દ્રવ્યાર્થિક નયની શી માન્યતા છે ?

ઉ૦ જીવનું બાહ્યથી અવિદ્યમાન સિદ્ધ સ્વરૂપ છે તે અભ્યંતરમાં વિદ્યમાન હોવાથી તેનું જ ગ્રહણ કરવું અને એમ માનવાથી સંસારી આત્મા સિદ્ધ સમાન છે.

પ્ર૦ આ બાબત દ્રવ્યસંગ્રહમાં શી માન્યતા છે ?

ઉ૦ " દ્રવ્યસંગ્રહ " માં લખ્યું છે કે ચૌદ ગુણસ્થાનક અને ચૌદ માર્ગણાની અપેક્ષાથી સંસારી જીવમાં અશુદ્ધ નયની વિવક્ષા થાય છે, પણ માત્ર ભાવનું જ ગ્રહણ થાય તો આત્મા શુદ્ધ નયની વિવક્ષાથી સિદ્ધ સમાન છે.

પ્ર૦ બીજા શુદ્ધ દ્રવ્યાર્થિક નયની શી માન્યતા છે ?

ઉ૦ જે ઉત્પાદ અને વ્યયની ગૌણતા બતાવે છે અને સત્તાની મુખ્યતા સ્વીકારે છે તે શુદ્ધ દ્રવ્યાર્થિક નયનો બીજો ભેદ છે. ઉત્પાદ અને વ્યયની ગૌણતા અને સત્તાની મુખ્યતાથી કેવળ સત્તા માત્ર માન્ય રહે છે અને તેથી આ નયદ્રવ્યના નિત્યપણાનું સૂચન કરે છે, કારણકે જીવ અને પુદ્દગલાદિકના જે પર્યાયો છે તે વિનાશશીલ હોવાથી તેનું પરિણામપણું હોય છે અને તે પર્યાયોમાં અનિત્યપણાની ઉપલબ્ધિ જણાય છે; પરંતુ જીવ અને પુદ્દગલાદિકની જે સત્તા છે તે સદા અવ્યભિચારિણી છે અર્થાત્ નિત્ય છે. આથી આ નિત્ય ભાવના આશ્રયથી દ્રવ્યની સત્તા ત્રણે કાળમાં અવિચલિત સ્વરૂપે રહે છે અને આથી દ્રવ્યના નિત્યપણાને લીધે સત્તાગ્રાહક શુદ્ધ દ્રવ્યાર્થિક નામે બીજો ભેદ કહ્યો છે.

પ્ર૦ નિત્ય એટલે શું ?

ઉ૦ જે ત્રણે કાળમાં નિશ્ચયરૂપે રહે તે નિત્ય છે.

પ્ર૦ શુદ્ધ દ્રવ્યાર્થિક નયનો ત્રીજો ભેદ શું સૂચવે છે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ.

( ગતાંક પૃષ્ઠ ૪૫ થી ચાલુ )

અનુ૦—વિઠ્ઠલદાસ મૂ. શાહ.

પાંચ વર્ષ સુધી એકાન્ત સેવન પછી સાધકે પોતાની માનસિક અવસ્થાની પરીક્ષા માટે સંસારમાં આવવું જોઇએ અને સાંસારિક પુરૂષોનો સહવાસ કરવો જોઇએ. જો વિષયોમાં આસક્તિ ન થાય તો નિશ્ચયપૂર્વક જાણી લેવું કે તેણે તનુ–માનસી નામની જ્ઞાનની ત્રીજી ભૂમિકા પ્રાપ્ત કરી લીધી છે.

મન એક વખત ભોગવેલા સુખોનું વારંવાર આસ્વાદન કરવા ચાહે છે, મનમાં સુખની સ્મૃતિ રહે છે, સ્મૃતિમાંથી કલ્પના અને વિચાર ઉત્પન્ન થાય છે. પછી આસકિત ( મોહ ) ઉત્પન્ન થાય છે. પ્રત્યાવર્તનમાંથી અભ્યાસ ઉત્પન્ન થાય છે, અભ્યાસથી તૃષ્ણા બળવાન થાય છે. આ રીતે મન દીન, અસહાય અને દુર્બલ વિચારોવાળા સાંસારિક પુરૂષો ઉપર પોતાનું શાસન ચલાવે છે. જેવો વિવેક ઉત્પન્ન થાય છે કે તરત જ મનની શક્તિ ક્ષીણ થઇ જાય છે. મન પાછું હઠવાની ચેષ્ટા કરે છે અને પોતાના પગ પોતાના આદિસ્થાન–હૃદય તરફ સમેટે છે. તેના ઝેરી દાંત વિવેકથી ઉખડી જાય છે. વિવેકની સામે તેનું કશું ચાલતું નથી. તે સિંહાસનથી પદભ્રષ્ટ થાય છે. જ્યારે વિવેક જાગ્રત થાય છે ત્યારે

ઉ૦ શુદ્ધ દ્રવ્યાર્થિક નયનો ત્રીજો ભેદ કલ્પનાથી રહિતપણું સૂચવે છે. અર્થાત્ દ્રવ્યો પોતાના ગુણપર્યાયથી અભિન્ન છે. જોકે દ્રવ્યનો ગુણ-પર્યાયથી ભેદ જણાય છે તોપણ ભેદનું અર્પણ નહિ કરતાં માત્ર અભેદનું જ ગ્રહણ કરાવે છે તેથી જે દ્રવ્ય છે તે જ ગુણ છે અને તે જ પર્યાય છે, કારણકે તદાત્મકપણું છે દાખલા તરીકે એક મોટા વસ્ત્રને ફાડીને તેમાંથી જ નાનું વસ્ત્ર કાઢયું હોય તો તે નાનું વસ્ત્ર મોટા વસ્ત્રનો પર્યાય હોવાથી તેમાં જ સમાઇ શકે છે તેવી રીતે જેટલા ગુણ અને પર્યાય છે તે સઘળા તદાત્મકપણાથી દ્રવ્યરૂપ જ છે. ભેદ અને અભેદ આ સ્થળે વિવક્ષાને અનુસારે જાણવા, અર્થાત્ જ્યારે દ્રવ્યપણાથી વિવક્ષા કરવામાં આવે ત્યારે દ્રવ્યપણાથી ગુણપર્યાય અભિન્ન જ છે અને જ્યારે પર્યાયરૂપથી વિવક્ષા કરીએ ત્યારે દ્રવ્યથી ગુણપર્યાય ભિન્ન છે.

—ચાલુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇચ્છાશકિત બળવાન થવા લાગે છે. ધન્ય છે એ વિવેકને કે જે આપણને આ દુઃખમય સંસારમાંથી છુટકારો મેળવવાને લાયક બનાવે છે.

જલમાં શીતલતા, અગ્નિમાં ઉષ્ણતા અને વાયુમાં ગતિ કોણ મૂકે છે? એ ગુણ જ એનો સ્વભાવ છે. એવી રીતે મનનો સ્વભાવ વિષયો તરફ દોડવાનો, બુદ્ધિનો વિવેક કરવાનો, અહંકારનો અહંતા અથવા મમતા, ચિત્તનો એ વિષયોની સ્મૃતિ ( ચિંતન ) છે. આપણે આપણી છાયાને માટીથી ઢાંકવા ચાહિયે તો તે જેમ બહાર નીકળી પડે છે, તેમ વિવેકબુદ્ધિદ્વારા આપણે સંકલ્પોનો નાશ કરવાની ચેષ્ટા કરીએ છીએ તો તે હમેશાં વારંવાર સામે જ આવે છે. મનને વિષયોથી હઠાવો અને ગુરૂના ઉપદેશ પ્રમાણે કામ કરો. મનને શુદ્ધ કરીને હૃદયાકાશમાં દૃઢ કરો. વખત જતાં મન શાંત અને છેવટે નાશ પામશે એ નિશ્ચય સમજજો.

સત્વગુણ હોય તો જ ધ્યાનનો સંભવ છે. પેટને ઠાંસી ઠાંસીને ન ભરવું જોઇએ. મન અને પેટને ગાઢ સંબંધ છે. રાત્રે ભારે ભોજન લેવાથી નિદ્રા આવે છે. બપોરે પુરૂં ભોજન લ્યો અને સાંઝના અડધો શેર દુધ લ્યો. જેને ધ્યાન કરવું હોય તેઓને માટે સાંઝનું ભોજન હલકું હોવું જોઇએ.

સાધક પુરૂષે તેલ, મરચાં, મસાલા, આંબલી, ખાટા પદાર્થ વગેરેનો ત્યાગ કરવો જોઇએ. દુધ, ફળ, બદામ, ઘી વગેરે ધ્યાન માટે સુખાવહ છે. એનાથી ધ્યાનમાં સહાયતા મળે છે. ચ્હા છોડી દેવી જોઇએ, તેનાથી વીર્યનો નાશ થાય છે. સાકર પણ ઓછી લેવી જોઇએ. તેનો ત્યાગ થાય તો તો ઘણું સારૂં. સુંઠનું સેવન સાધકને માટે ઘણું સારૂં છે. સુંઠ, દુધ સાથે લેવી જોઇએ. તે વાયુ હઠાડે છે અને પાચનમાં મદદ કરે છે. યોગીઓ ઘણે ભાગે એનું સેવન કરે છે. યોગી ત્રિફળાનું પણ સેવન રાખે છે. ત્રિફળા ( હરડે, બેડાં, આમળાં ) કબજીયાત દૂર કરે છે અને પાકાશયને શીતલ કરે છે તથા સ્વપ્નો રોકે છે. યોગના સાધકોએ હરડેનું પણ કોઇ કોઇ વાર સેવન કરવું જોઇએ. હરડે વીર્યપ્રદ છે અને વીર્યસ્રાવ રોકે છે.

ક્રાન્તિ કરતાં વિકાસ શ્રેષ્ઠ છે. કોઈ પણ બાબતમાં અચાનક ફેરફાર ન કરો. ભોજનમાં તો જરૂર ન કરો. ફેરફાર ધીમે ધીમે થવો જોઇએ, જેને લઇને પાકાશય કોઇ પણ જાતની હરકત વગર સહન કરી શકે.

ધ્યાન માટે પ્રત્યેક વસ્તુ સાત્વિક હોવી જોઇએ. ધ્યાનનું સ્થાન સાત્વિક હોવું જોઇએ, આહાર સાત્વિક હોવો જોઇએ, વસ્ત્ર સાત્વિક હોવા જોઇએ, સોબત સાત્વિક હોવી જોઇએ, વાર્તાલાપ સાત્વિક હોવો જોઇએ, જે શબ્દો સાંભળો તે પણ સાત્વિક હોવા જોઇએ, વિચાર સાત્વિક હોવા જોઇએ અને અધ્યયન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાત્વિક હોવું જોઇએ. બધી બાબતો સાત્વિકતામાં પરિણમેલી હોવી જોઇએ. તો જ નવા અભ્યાસીને માટે સાચી ઉન્નતિની સંભાવના છે.

આ ત્રણ શબ્દ–ચિત્રોનું સ્મરણ રાખો. ધ્યાનાવસ્થામાં તેનો મનમાં જાપ જપો:—

(૧) મનની શુદ્ધિ.

(૨) મનની એકાગ્રતા.

(૩) તલ્લીનતા.

એ ત્રિપુટી છે, તે યાદ રાખો. મનને શુધ્ધ કરો, કામ–ક્રોધાદિ મળને દૂર કરો. નિઃસ્વાર્થ અને નિષ્કામ કર્મ કરો. તેનાથી મન શુધ્ધ થશે. ઉપાસના ધ્યાનથી ચિત્તવૃતિ નિરોધ કરો. એનાથી એકાગ્રતામાં સહાયતા મળશે. પછી નિરંતર ગંભીર ધ્યાન કરો. છેવટે મન તલ્લીન થઇ જશે.

એક બીજી ત્રિપુટી છે. એ ત્રણ શબ્દ–ચિત્રો યાદ રાખો. સાધન કરતી વખતે તે મનમાં રાખો. તે ખૂબ મદદ કરે છે.

(૧) ચિન્તન.

(૨) મનન.

(૩) નિદિધ્યાસન.

આત્મ–ચિન્તન કરો. મનને આત્માથી પૂર્ણ કરો, ત્યારેજ મન ભ્રમર-કીટની માફક તદાકાર, તદ્રૂપ, તન્મય, તલ્લીન થઇ જશે. જેવું આપણે ચિન્તન કરીએ છીએ તેવું જ તે બને છે.

જેમ બીજમાં ફુલ રહેલું છે તેમ અંતઃકરણમાં–કારણ શરીરમાં વાસના રહેલી છે. હમેશાં નવા ફુલો ખીલે છે અને એક બે દિવસમાં કરમાઇ જાય છે, એવી જ રીતે વાસનાઓ એક પછી એક મનની બહાર ખીલી નીકળે છે, જીવોનાં મનમાં સંકલ્પો પેદા કરે છે અને તેને કોઇ વિશેષ વિષયનો પ્રયાસ કરવા, અધિકાર કરવા અને ભોગ કરવા ઉશ્કેરે છે. વાસનાથી કર્મ ઉત્પન્ન થાય છે અને કર્મથી વાસના દૃઢ થાય છે. એ એક ચક્ર છે. સમ્યગ્જ્ઞાનનો ઉદય થતાં બધી વાસનાઓનો નાશ થઇ જાય છે. અંદરની વાસનાઓજ વાસ્તવિક શત્રુ છે. તેને નષ્ટ કરો, નિર્મૂલ કરો. તેઓ બધ્ધમૂલ છે.

હિન્દુ–દર્શનમાં આપણને ભૌતિક અને આધ્યાત્મિક બન્ને પ્રકારના અર્થ મળે છે. તેટલાજ માટે ગુરૂની સહાયતાની જરૂર છે. આધ્યાત્મિક અર્થ હૃદયં-ગમ કરવો મુશ્કેલ છે. હઠયોગના ગ્રંથોમાં તમે જોશો કે ' ગંગા અને યમુનાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંગમ પર એક કુમારી કન્યા છે' તે કુમારી સુષુમ્ના નાડી છે, ગંગા પિંગલા નાડી છે અને યમુના ઇડા નાડી છે. રામાયણમાં પણ એક રહસ્ય છે. રામાયણનું રહસ્ય મનને વશ કરવાનું છે. લંકાના દશ માથાવાળા રાક્ષસ રાવણને મારવાનો અધ્યાત્મિક અર્થ એવો પણ તેઓ કરે છે કે કામ–ક્રોધાદિ મનની દશ વૃત્તિયોનો નાશ કરવો. સીતા બુદ્ધિ છે. રામ શુદ્ધ બ્રહ્મ છે. લંકામાંથી સીતાને લઇ જવાનો અર્થ એ છે કે વિષયોથી બુદ્ધિને હઠાવીને રામ ( બ્રહ્મ ) માં લગાડવી અને તેની સાથે સંયુકત કરવી. સીતા ( બુદ્ધિ ) પોતાના પતિ રામ ( બ્રહ્મ ) ને અયોધ્યા ( સહસ્રાર ચક્ર ) માં મળે છે. બુદ્ધિ બ્રહ્મમાં લીન થઇ જાય છે. એ જ રામાયણનો આંતરિક અર્થ–આધ્યાત્મિક અભિપ્રાય છે.

નિર્માણચિત્ત અસ્મિતા માત્રમાંથી ઉત્પન્ન થાય છે.

યોગીપુરૂષ શીઘ્રતાથી પોતાના કર્મ સમાપ્ત કરી નાખવા માટે અનેક ક્રિયાઓ કરે છે. તે અહંકારથી શરીરને માટે મનોની ( ચિત્તોની ) રચના પણ કરે છે. એ નવા મનોને ' નિર્માણચિત્ત ' કહે છે. એ મન તેને વશ હોય છે.

મહાન્ તત્વવેત્તા કૅંટે સિદ્ધ કરી બતાવ્યું છે કે દેશ, કાળ અને કાર્ય–કારણભાવ એ વિષય–તત્વ નથી, પરંતુ આપણી બુદ્ધિનું આત્મિક રૂપ છે અને તેનો નિષ્કર્ષ એ નીકળે છે કે જગત્ જ્યાં સુધી દેશમાં અવસ્થિત છે, કાળમાં ગતિશીલ છે, કાર્ય–કારણભાવમાં મર્યાદિત છે ત્યાં સુધી તે કેવળ મનનો જ પ્રતિભાસ છે. એ સિવાય બીજું કંઇ નથી.

'I think, therefore I am' હું વિચારી શકું છું, માટે હું છું, એ ડેકાર્ટના તત્વજ્ઞાનનો મૂળ આધાર છે. આત્મા મિથ્યા નથી, કેમકે જેઓ તેનો નિષેધ કરે છે તે નિષેધ કરતાં છતાં પણ તેના અસ્તિત્વની સાક્ષી આપે છે.

મનમાં ઇચ્છાઓ કેમ ઉત્પન્ન થાય છે ? આનન્દના અભાવને લઇને.

બ્રહ્મ પોતે આ જગત્‌માં તેમજ આપણા હૃદયની ગુફામાં છુપાઈ રહેલ છે. તે પ્રવાસી અધિરાજા છે. શુદ્ધ મનવડે ધ્યાન તથા ધારણા કરીને એને શોધવું પડે છે.

એક આધ્યાત્મિક ગુરૂ પોતાની આધ્યાત્મિક શક્તિ પોતાના શિષ્યને આપે છે. તે ગુરૂનું આધ્યાત્મિક કંપન શિષ્યનાં મનમાં ઉપસ્થિત થાય છે. સ્વામી રામકૃષ્ણ પરમહંસે પોતાની આધ્યાત્મિક શક્તિ પોતાના શિષ્ય વિવેકાનંદને આપી હતી. સમર્થ ગુરૂ રામદાસના એક શિષ્યે પોતાની શક્તિ એક નર્તકીને આપી હતી કે જે તેની તરફ ( વાસનાત્મક ) કરૂણ–દૃષ્ટિથી જોઈ રહી હતી. તે શિષ્યે તેની તરફ જોયું અને તેને સમાધિસ્થ કરી મૂકી. તેની વાસના નષ્ટ થઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગઇ અને તે ધાર્મિક–જીવન ગાળવા લાગી. મુકુન્દરાય નામના એક મહારાષ્ટ્ર સંતે બહાદુરશાહને સમાધિસ્થ કરી મૂકયો હતો.

મનના કિરણો સાંસારિક પુરૂષોના મનમાં વિખરાયલા હોય છે. માનસિક શકિતનો ફેલાવો અનેક દિશાઓમાં થાય છે. ધ્યાનના ઉદ્દેશથી તે વિખરાયલી શકિતઓને વૈરાગ્ય અને અભ્યાસદ્વારા એકત્રિત કરવામાં આવે છે ત્યારે મન અવશ્યમેવ ઇશ્વિરાભિમુખ બને છે,

વૃત્તિઓનો નાશ કરવો સ્હેલ નથી, કેમકે તે અસંખ્ય છે. તેઓને એક એક એક હાથમાં લેવી પડશે અને તેનું નિવારણ જુદું જુદું કરવું પડશે. કેટલીક વૃત્તિઓ ઘણી જ બલવાન હોય છે તેના નાશ માટે મહાન પ્રયત્નની જરૂર પડે છે. જ્યારે વૃત્તિઓ નષ્ટ થઇ જાય છે ત્યારે મનને મહાન્ શકિત પ્રાપ્ત થાય છે. નબળી વૃત્તિયો વિખરાઇ ગયેલા વાદળાની માફક નષ્ટ થઇ જાય છે.

જો મનની વાસના કે જે બધા ભોગોનું મૂળ કારણ છે તે નષ્ટ થઇ જાય તો બધા સાંસારિક બન્ધનો, કે જે મનની અંદર ક્ષોભ ઉત્પન્ન કરે છે તે તુટી જાય છે. તેના ત્યાગ વગર નિર્વિકલ્પ સમાધિ પ્રાપ્ત કરવાની આશા વ્યર્થ છે.

'**मनो वासनासमष्टि:**' મન વાસનાઓ અથવા ઇચ્છાઓનો રાશિ છે.

ધ્યાનમાં અંદરથી'જ વિઘ્ન નડે છે, બહારથી નહિ. મનને ઠીક રીતે સંયમિત કરો.

સત્ય વચન અને દયાનો અભ્યાસ, એ મનને શુદ્ધ કરવામાં ખૂબ મદદ કરે છે.

જ્યારે આપણે ઇષ્ટદેવતાનું માનસિક ચિત્ર બનાવીએ છીએ ત્યારે તેનાથી પણ સાત્વિકતાની વૃદ્ધિ થાય છે. જો આપણે અનેક વાર તેનું ચિન્તન કરશું તો આપણું મન વધારે ને વધારે સાત્વિકતાથી ભરાતું જશે. નિરંતર ભગવચ્ચિંતન કરવાથી મન ક્ષીણ થતું જાય છે અને વાસના તથા સંકલ્પ નષ્ટ થતા જાય છે.

અહંકારથી જ અશુદ્ધ મન ઉત્પન્ન થાય છે.

દોષપૂર્ણ મન હમેશાં ભટકતું રહે છે. વળી બીજાના ગુણો પર પ્રસન્ન થવાની પ્રકૃતિ નહિ હોવાથી તેને સ્થાયી સંતોષ પણ નથી મળતો; તેમજ તેને બીજાના દુ:ખનો વિચાર નહિ હોવાથી તેનામાં ધ્યાનનો પણ આવિર્ભાવ નથી થતો.

જો આપણે બીજાના દોષોનું હમેશાં ચિંતન કરીએ છીએ તો આપણે તે દોષોનું વારંવાર ચિંતન કરીને ખરી રીતે તેને વધારીએ છીએ. હમેશાં મનુષ્યના શુભ કર્મો તરફ જ જુઓ, તેના દોષોની ઉપેક્ષા કરો; દ્વેષભાવ દૂર થઇ જશે અને પ્રેમ વધશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સમયના પ્રવાહમાં.

અત્યંજોદ્ધારની સાથે સાથે મંદિરો પણ તેઓના માટે ખુલ્લા મૂકાવવાની (તાત્કાલિક) માંગણી કરવામાં આવે છે, તે ઉતાવળી માંગણી એટલા માટે છે કે ઉદ્ધારનો પ્રશ્ન એક કોરે જ રહી જાય છે અને દેવમંદિરો ખુલ્લા મૂકાવવાના ઉતાવળા પગલાથી શ્રદ્ધાળુ વર્ગની લાગણી દુઃખાતા વસ્તુસ્વરૂપ ફરી જઈ બીજી વસ્તુ પકડાઇ જતી જોવામાં આવતાં, મહાપુરૂષ ગાંધીજીએ આ બળાત્કાર પ્રવેશ સામે સાવચેત રહેવાની યોગ્ય વખતે ( નીચે જણાવેલ ) સૂચના ન્યુસ્પેપરદ્વારા પ્રકટ કરી છે જેની યોગ્ય છાપ પડયા સિવાય રહેશે જ નહિ.

અંત્યજો માટે મંદિરના દ્વાર ઉઘડાવવા કે પ્રવેશ કરાવવાની તાલાવેલી જેમને હોય તેમણે એ પણ વિચારવું જોઇએ કે, તે દરેક પોતાની સમાજ, ધર્મની આખી પ્રવૃત્તિનો સવાલ છે, તેનો પરિપાક થયા સિવાય તે પકાવવા જતાં આપણુને પોતાને જ ભારે થઇ પડે તેવું છે. એક બાજુ સમાજ કે ધર્મીઓના વિચારોનું પ્રેમપૂર્વક વાતાવરણ બદલાવો, પ્રચારકાર્ય કરો, વિચારનું પરિવર્તન કરાવો; બીજી બાજુ અંત્યજોને એવી રીતે કેળવો અને ઉદ્ધાર કરો અને તેને કેળવી ઉચ્ચ કોટીએ લાવી મુકો કે જેથી તેની સાથે મંદરિના દરવાજા આપોઆપ ખુલ્લે અથવા તેના પ્રવેશને કોઇ રોકી ન શકે. તે સિવાય કંઇપણ તે માટે ઉતાવળું પગલું ભરવા જતાં કોમે કોમની અંદર ખાલી કુસંપ–કલેશ ઉત્પન્ન થશે.

### " મહાત્માજીના તે માટેના વિચારો "

### અંત્યજ ભાઇઓના જૈન મંદિર–પ્રવેશના પ્રશ્નને અંગે—

### પૂજ્ય મહાત્મા ગાંધીજીનો તાર.

પાટણ જૈન યુવકસંઘના મંત્રી અમૃતલાલ સુરજમલ ઝવેરી તારદ્વારા નીચેનો સંદેશ પાઠવે છે કે:—

જૈન મંદિરોમાં દલિતવર્ગના પ્રવેશને અંગે ખુલાસો કરતો એક નીચેનો એક તાર જે પૂજ્ય ગાંધીજી તરફથી અમોને મળ્યો છે તે જૈન જગતની જાણ માટે પ્રગટ કરવા કૃપા કરશો.

એ નિ:શંક છે કે કોઈપણ શખ્સે બળાત્કારે મંદિરોમાં પ્રવેશ કરવો તે તેના અધિકાર બહારની વસ્તુ છે, અને જે સંપ્રદાયને માટે મંદિર બાંધવામાં આવેલ હોય તે સંપ્રદાય બહારની વ્યક્તિને માટે તો ખાસ કરીને તે અનધિકાર વસ્તુ છે.

આ ઉપરથી દલિતવર્ગને વિનમ્ર વિનંતિ કે જૈન માન્યતા સામે થઇને જૈન મંદિરોમાં કોઇપણ ભોગે પ્રવેશ કરવા માટે પ્રયત્ન ન કરે અને સાથોસાથ જૈન બંધુઓને વિનંતી કે જૈન સમાજની ઇચ્છાના અવરોધ વચ્ચે દલિત ભાઇઓને જૈન મંદિરોમાં પ્રવેશ કરાવીને પરસ્પર સમાજમાં વૈમનસ્યનું નવું બીજ ઉત્પન્ન ન કરે.

---

જ્યારે મન બધી કામનાઓને હઠાવીને સુખદુઃખથી ઉદાસીન થઇ જાય છે અને કોઇ પણ વિષયથી આકર્ષિત નથી થતું ત્યારે તે શુદ્ધ થઇ જાય છે; અને જેવી રીતે પાંજરામાથી મુકત થયેલું પક્ષી આકાશમાં સુખથી સ્વચ્છંદતાપૂર્વક ઉડે છે તેવી રીતે મન પણ માયાના બંધનમાંથી મુકત થઇને બ્રહ્મમાં સ્વચ્છન્દ વિચરણ કરે છે. ચાલુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વીકાર અને સમાલોચના.

**૧ શ્રી વિવિધ વિષય સંગ્રહ ભાગ ૧ લો—સંગ્રાહક શિવનાથ લુંબાજી** પોરવાળ પુના–વેતાલપેઠ નં. ૩૫૬ માર્ગાનુસારીના પાંત્રીશ ગુણ, આવશ્યક ક્રિયા કરનારને જાણવા લાયક હકીકત, નીતિ વચનામૃત, આત્મનિંદા, ત્રણ મનોરથ વગેરે જુદી જુદી જાણવા લાયક હકીકત આ લઘુ ગ્રંથમાં આપવામાં આવી છે. સાથે કેટલાક પદ્યો પણ આપેલા છે. સંગ્રાહક શેઠનો આશય જ્ઞાનનો ફેલાવો કરવાનો હોવાથી શાહ રતનાજી ડોંગાજી તરફથી બે આનાની ટીકીટ મોકલનારને ભેટ આપવાનો છે.

૨ **પ્રભુકે માર્ગમેં જ્ઞાન–પ્રકાશ**—પ્રકાશક–શ્રીઅંબાલાલ શ્રી આત્માનંદ જૈન સભા. સદ્દગત શ્રી વિજયકેશરસૂરિજીના ગુજરાતી લેખનો આ હિંદી અનુવાદ છે. અનુવાદક બ્રહ્મચારી શંકરદાસ જૈન. જુદા જુદા ૧૮ મનન કરવા જેવા વિષયો આ બુકમાં આપવામાં આવેલ છે. લેખક મહાત્માની કૃતિ સરળ, બોધદાયક હોવાથી સર્વ સામાન્ય થઇ પડેલ છે. હિંદી ભાષામાં પણ તેનો અનુવાદ થવો આવશ્યકીય છે.

૩ **શ્રી જૈન સેનેટરી એસોસીએશન**—આરોગ્ય પત્રિકા–પ્રકાશક **જૈન સેનેટરી એસોસીએશનની** આરોગ્ય પ્રચારક કમિટી–મુંબઇ. આ પત્રિકામાંહેના તંદુરસ્તી સંબંધી કોલેરા, મચ્છરજન્ય રોગો, મેલેરીયા અને બાળકનું વધતું જતું મરણપ્રમાણ, તેનો થતો ફેલાવો, તે નાબુદ કરવાના ઉપાયો વગેરે હકીકત વિદ્વાન ડોકટરોએ તૈયાર કરેલ ચોપાનીયાનો ટુંક સાર સાદી સરલ ભાષામાં આ પત્રિકામાં મૂકવામાં આવી છે. તે સમજી તે પ્રમાણે વર્તન કરનાર મનુષ્ય ઉપરોક્ત રોગોથી મુકત રહી સારી તંદુરસ્તી ભોગવી શકે છે. આ સંસ્થાનો આ પ્રયાસ સેવાભાવી, સર્વજન ઉપયોગી અને મનુષ્યમાત્રને આશિર્વાદ સમાન છે. આ સંસ્થાના કાર્યવાહકો—સેક્રેટરીઓ આવી પત્રિકા વારંવાર પ્રગટ કરી જનસમાજની અમૂલ્ય સેવા બજાવે છે. આવી પત્રિકા પ્રકટ કરી તેનો પ્રચાર કરવા માટે દરેક મનુષ્યે તે સંસ્થાને જોઇતી આર્થિક સહાય આપવા જરૂર છે.

૪ શ્રી **જૈન વીશાશ્રીમાળી જ્ઞાતિ દવાખાનાનો પ્રથમ વાર્ષિક રીપોર્ટ** (અમદાવાદ) તા. ૧૩–૧૦–૩૦ થી તા. ૩૧–૧૨–૧૯૩૧ સુધી. પ્રકટકર્તા–શ્રી જૈન વીશાશ્રીમાળી મેડીકલ રીલીફ કમીટી. પોતાની જ્ઞાતિની આરોગ્યતા માટે લાગણી ધરાવતી જ્ઞાતિની સહાયવડે આ દવાખાનાનો જન્મ અમદાવાદમાં થયો છે. કાયમી ફંડ નહીં હોવા છતાં તેની શરૂઆત જુદા જુદા બંધુઓની સહાયવડે દવાખાનાનું કાર્ય વ્યવસ્થીત રીતે શરૂ કરેલું છે તેમ તેના આ રીપોર્ટ ઉપરથી જણાય છે. અમદાવાદ જેવા પ્રવૃત્તિમય અને બ્હોળી વસ્તીવાળા શહેરમાં ઓછા ખર્ચે જ્ઞાતિબંધુના માંદગીના પ્રસંગે યોગ્ય રાહત મળી શકે, તેવા પ્રશંસનીય હેતુથી આ દવાખાનાની થયેલ યોજના આવકારદાયક લેખાય. જો કે ત્યાંના પ્રમાણમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓછા ખર્ચે લાભ દર્દીઓને મળે છે છતાં હજી પણ તેમાં રાહત મળવાની જરૂર છે. દવાખાનાના ચાલતા કાર્ય સાથે કોલેરા-મેલેરીયા-મચ્છરજન્ય વગેરે રોગો થાય તે પહેલાં ન થાય તેની ચેતવણી માટે આરોગ્યપત્રિકા વિદ્વાન્ ડોકટરોના અભિપ્રાયપૂર્વક વારંવાર પ્રકટ કરી જ્ઞાતિ બંધુઓની આરોગ્યતા સચવાઇ રહે માટે તેનો પ્રચાર પણ વારંવાર સાથે કરવા જરૂર છે. આ દવાખાનાની કાર્યવાહી યોગ્ય અને વ્યવસ્થાપૂર્વક છે અને વ્યવસ્થાપકો ઉત્સાહી અને લાગણીવાળા છે. હિસાબ-વહીવટ ચોખવટવાળો છે. હવે આ દવાખાના માટે પોતાનું મકાન અને સ્થાયીફંડની જરૂર છે, જેથી જ્ઞાતિના શ્રીમંતો, બંધુઓ જરૂર તે માટે પ્રયત્ન કરશે. અમો તેની પ્રગતિ ઇચ્છીએ છીએ.

# સુધારો.

આ વર્ષમાં અમારા તરફથી શ્રી “ પ્રભાવક ચરિત્ર ” ગ્રંથ ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલો છે, તેમાં જે સ્થળે ભાષાંતરમાં ભૂલ થઇ છે તે તપાસી સુધારો સૂચવવા માટે કૃપાળુ **શ્રી હંસવિજયજી** મહારાજનો આભાર માનતાં આ નીચે બતાવતાં સાથે આપેલ સુધારા પ્રમાણે વાંચવું.

| અશુદ્ધ. | શુદ્ધ. |
| --- | --- |
| ૧ પા. ૧૩૨ લીંટી ૨૩-પુત્રના ભારે ઉદ્વેગને લીધે તેણીનું શરીર પરિતાપથી આચ્છાદિત થયું છે. | સ્ત્રીએ પ્રથમ જાગવું જોઇએ છતાં ઉંઘમાંથી પ્રથમ ઉઠીને જેણીનું અંગ તેં ઢાકલું તેથી તે હજુ પરિતાપ પામે છે. |
| ૨ પા. ૧૩૩ લીંટી ૬-અવશ્ય તે પ્રમદા પતિપરાયણ હશે જેથી નખપંકિતને બતાવે છે. | નક્કી તેણીની જનન-ઇંદ્રિય પ્રદેશમાં ક્રીડા વખતે મૂકેલી નખપંક્તિ ચાલતાં ખુંચે છે. |
| ૩ પા. ૧૩૪ લીંટી ૪-જવું નહિં. | જવું જોઇએ |
| ૪ પા. ૧૪૭ લીંટી ૨૭ બીજો-રાએ=રાજા. | બીજોરા. |
| ૫ પા. ૧૪૭ લીંટી ૨૯-કણેરનું પત્ર-અરિપાત્ર. | તુવેરનું પાંદડું ( તુ-તારો અરિપત્ત એટલે અરિપ્રાપ્ત તુ અરિપત્ત ) |
| ૬ પા. ૧૪૯ લીંટી ૨૦-વાચંયમે-આચાર્યે. | વાચયંમ-યતિ-સાધુ. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આચાર્ય શ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજની જયંતી.

ગત આસો શુદ ૧૦ રવિવારના રોજ શાંતમૂર્તિ શ્રીવિજયકમળસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગવાસ તીથી હોવાથી સવારના ૯ વાગે શ્રીસંઘના ઉપાશ્રયમાં મુનિરાજશ્રી પ્રીતિવિજયજી મહારાજના અધ્યક્ષપણા નીચે વ્યાખ્યાન પ્રસંગે જયન્તી ઉજવવામાં આવી હતી. મુખ્ય વકતા ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસે આચાર્યમહારાજનું જીવનચરિત્ર સંભળાવી ગુણગાન કર્યા હતા. ત્યારબાદ મુનિરાજશ્રી પ્રીતિવિજયજી મહારાજે વિદ્વતાપૂર્ણ ઉપસંહાર કર્યો હતો. ત્યારબાદ શ્રી જૈન આત્માનંદ સભા તરફથી મોટા જીનાલયમાં શ્રીનવપદજી મહારાજની પૂજા ભણાવી પરમાત્માની આંગી રચાવી હતી. બપોરના બાર વાગે સભા તરફથી સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું.

---


શ્રી પ્રભાચંદ્રસૂરિ કૃત—

## શ્રી પ્રભાવકચરિત્ર.

વર્તમાનકાળના પ્રભાવક બાવીશ આચાર્યોના જીવન ઉપર પ્રકાશ પાડતો આ ગ્રંથ સં. ૧૩૩૮ માં લખાયેલ જૈનકથા અને ઇતિહાસસાહિત્યમાં અભિવૃદ્ધિ કરે છે. ઇતિહાસ અને કથા સાથે કવિત્વ પોષવામાં અને સાહિત્યનો રસ જમાવવામાં પણ ગ્રંથકર્ત્તા મહારાજે જેમ લક્ષ આપ્યું છે તેમજ તે વખતના સામાજિક, ઐતિહાસિક, રાજકીય સ્થિતિનો પણ ઉલ્લેખ કરી લેખક મહારાજે પોતાની ઇતિહાસપ્રિયતા સિદ્ધ કરી છે. જેથી ઇતિહાસના પણ ભિન્ન ભિન્ન સમયના સુંદર પ્રકરણો આમાંથી મળી રહે છે જેથી જૈન કે જૈનેતર ઇતિહાસના અભ્યાસી અને લેખકોને આવકારદાયક સામગ્રી આ ગ્રંથ પૂરી પાડે છે. આ મૂળ ગ્રંથ કેટલોક અશુદ્ધ છપાયેલ, તેની શુદ્ધિ માટે તેમજ તેની સુંદરતા અને પ્રમાણિકતામાં વધારો કરવા માટે ઇતિહાસવેત્તા મુનિરાજશ્રી કલ્યાણવિજયજી મહારાજને વિનંતિ કરતાં તેઓશ્રીએ શુદ્ધિ કરવા સાથે ઐતિહાસિક દૃષ્ટિએ પ્રબંધ પર્યાલોચના લખી તેમાં આવેલ ચરિત્રનાયકોનો પરિચય આપવામાં જે શ્રમ લીધેલ છે અને તેને લઇને આ ઇતિહાસિક અને કથાસાહિત્ય ગ્રંથની ઉપયોગીતા અને સુંદર સાહિત્યની અભિવૃદ્ધિ થઇ છે. આ ગ્રંથ માટે અનેક જૈન અને જૈનેતર પેપરોએ પ્રશંસા કરી છે. રોયલ આઠ પેજી સાઠ ફોર્મ પાંચસો પાનાનો ઉંચા કાગળ, સુંદર ગુજરાતી ટાઇપથી છપાઇ આકર્ષક મજબુત બાઇન્ડીંગથી અલંકૃત કરાવેલ છે. કિંમત રૂા ૨–૮–૦ કપડાનું બાઇન્ડીંગ પોણા ત્રણ રૂપિયા. પોસ્ટેજ જુદું.

મળવાનું ઠેકાણું:—

**શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**

---

## નવા વર્ષના જૈન પંચાંગ.

નવા વર્ષ ( સં. ૧૯૮૯ ની સાલ ) ના જૈન પંચાંગ અમારા તરફથી છપાય છે. દીવાળી પહેલાં તૈયાર થઇ જશે. જલદી મંગાવો પાછળથી મળી શકતા નથી. કિંમત અરધો આનો. સો નકલના અઢી રૂપીયા.

**લખો:—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી આત્માનંદ પ્રકાશ.

દર માસની પૂર્ણિમાએ પ્રગટ થતું માસિક પત્ર.

પુ. ૩૦ મું. વીર સં. ૨૪૫૮. આશ્વિન, આત્મ સં. ૩૭. અંક ૩ જો.

## જગતની અણમૂલ સંપત્તિ.

આજના અંધકારમાં, ઇતિહાસનો એવો કયો પ્રકાશ હતો કે જે માટીમાં મળી જવાને બદલે આકાશને અહોનિશ અજવાળી રહ્યો હતો ?

ખરેખર, એ પ્રચંડ શક્તિ છે. આખા દેશની છાતી ઉપર જે એક મોટો પહાડ પડયો હતો તે તેણે હડસેલી દીધો. થોડા વર્ષની અંદર જ ભારતવર્ષની તેણે કાયા પલટી નાખી.

સાહસ અને સવીર્યતાની ભાગીરથી એમણે જ આ દેશમાં વહાવી. આજે આપણે સાહસ અને શ્રદ્ધા સાથે એમ કહેવાની સ્થિતિમાં છીએ કે અમને પણ જગતની પ્રજાઓની મધ્યમાં ઉચિત સ્થાન મળવું જોઇએ.

મહાત્માજીના જીવનનું તેજ સમગ્ર દેશે ઝીલ્યું છે, અને આપણો ઘણો અંધકાર ઉલેચાયો છે. એ તેજોદ્દીપી સાધકની મૂર્તિ આજે ત્રણે કાળના આસન ઉપર વિરાજે છે.

ડૉ. રવીન્દ્રનાથ ટાગોર.

For Private And Personal Use Only